

# ગુણાતીત જ્યોત






જાણકપ દેહ હરપળમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

વર્ષ ૫૧, અંક : ૩, તા.૨૧મી માર્ચ, ૨૦૨૧, સંવત - ૨૦૭૭ ફાગણ સુદ - ૭, રવિવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



સ્વામિશ્રીજી

ગુણાતીત સમાજના

મુક્તાત્મા કુટુંબીજનો જોગ.

૩૧. ૩- ૯૩.

પ્રહલાદજીએ નારાયણ સાથે દશહજાર વરસ યુદ્ધ કર્યું (આત્મનિષ્ઠાના બળનાં મન ઉપરી ગાળ કુહાડા ઝીલ્યાં તે) પણ ભગવાન જીતાણા નહિ.

પછી ભગવાને પ્રહલાદને કહ્યું કે "યુદ્ધે કરીને તો હું જીતાઉં તેમ નથી ને મને જીતવાનો ઉપાય તો એ છે કે (મારી મૂર્તિમાં અંતર રાખશો નહિ સાધક) જે આળ કરીને મારું ભજન કરવું. (જપયજ્ઞ) ને મનમાં મારું ચિંતવન કરવું. (તનમન લગાવીને) ને નેત્રમાં મારી મૂર્તિ રાખવી. ([illegible] બહાર ક્યાંય જવા ન દેવી) એ પ્રકારે નિરંતર મારી

સ્મૃતિ કરવી

તથાસ્વામીએ પાડી દીધાં તેજ સાધુતા

ઘણી ભાગ્યવાન

લખ્યાં

પપ્પા.




# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ   પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? – પપ્પા



### શ્રીજી રસામૃત :–

સર્વના કારણ ને સદા દિવ્ય સાકાર એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ તેની મૂર્તિને વિષે સાકરના રસની મૂર્તિની પેઠે ત્યાગભાવ સમજવો નહીં ને જેવી મૂર્તિ દીઠી હોય તેનું જ ધ્યાન–ઉપાસના–ભક્તિ કરવી પણ તેથી કાંઈ પૃથક ન સમજવું. અને તે ભગવાનમાં જે દેહભાવ જણાય છે તે તો નટની માયાની પેઠે સમજવો...'

(વચ.પંચાળા–૭)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :–

આથી કરોડગણો સત્સંગ થાશે ને આથી કરોડગણા મંદિર થાશે પણ આ વાતુ ને આ કથા એ નહીં મળે ને વહેવાર પ્રધાન થઈ જાશે. માટે સ્હેજે સ્હેજે કરવું ને આ કારખાનાં તો બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી ચાલશે. માટે કથાવાર્તા કરવા, સાંભળવાનો અભ્યાસ રાખવો. ને આપણે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર વાત રાખવી પણ એક જ મુખ્ય ન કરવું.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૩૧મી વાત)



### દિવ્યામૃત :–

જીવને જ્યારે પ્રત્યક્ષ સ્વરૂપની ઓળખાણ થાય ત્યારે તેમના સંબંધે જીવભાવ ને દેહાભિમાન ટાળી દે. ને બ્રહ્મભાવ ભરી પોતાના આકારે વૃત્તિ કરાવી દે. પછી આવા જીવને જન્મ લેવાનો હેતુ રહે નહીં. મહારાજની મરજી પ્રમાણે પૃથ્વી પર પધારે છે.

### અનુક્રમણિકા


| અનુક્રમણિકા | પાન નં. |
|---|---|
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| બ્ર.સ્વ.ભગતજી મહારાજના પ્રાગટ્યદિને... | ૫ |
| પ.પૂ.સાહેબજીના પ્રાગટ્યદિને... | ૬ |
| શ્રીહરિ જયંતીએ... | ૭ |
| સત્સંગ સમાચાર... | ૮ થી... |



## પપ્પાજીની પરાવાણી...

અક્ષરધામ વિહદ છે. એના સુખમાં આપણે બેઠા છીએ. પણ કંઈક આછું પાતળું રહ્યું હશે ત્યાં આગળ ફુલારો જતો રહેતો હશે. કોઈ દેવતા કઠણ હોય તો આનંદ જાય. ત્યાં ભજન કરી સ્મૃતિ કરી આનંદમાં આવી જવું. કોઈનો અભાવ આવ્યો હોય તો કાઢી નાખીએ. તેના ગુણ વિચારીએ તો અભાવ જતો રહેશે. જે કંઈ સેવા કરીએ તે ભાવેયુક્ત મહિમાથી કરીએ તો આનંદમાં વધારો થશે. તેનું અંતરમાં સુખ વર્તાશે.

બીજું, સૌમાંથી ગુણ લ્યો. દરેકમાં ગુણ-અવગુણ હોય જ. આપણે સામા પાત્રમાં શું સારું છે તેટલું જ વિચારીએ. ભરેલો પ્યાલો કેટલો છે તે જ જોવું. આ ગૃહસ્થ ભાભીઓ અહીંયા આવે છે ત્યારે સેવામાં કેવી મંડી પડે છે ? આ ડહીબા ગાડાવાળા વાસણ ઘસવા બેસી જાય. લ્યો અત્યારે હડતાલ ચાલે છે તો તેમને ચિંતા થઈ કે આ મારી બહેનો ને ભાઈઓ શાક વગર શું કરશે ? તો ખેતરમાં ગયાં, પાપડી વીણી લાવ્યાં. માથે ટોપલો મૂકી વિદ્યાનગર આવ્યાં. લાખોપતિ છે. પણ કેવો મહિમા ને લાગણી ! છે કંઈ અભિમાન? કેવાં નિર્માની ! આપણને થાય કે ગુણાતીતનો રઘુવીરજીમહારાજે શી રીતે સમાગમ કર્યો હશે ? જોઈ લ્યો આ ડહીબાનો સાકાર દાખલો. જબરજસ્ત જસુબેનનો સમાગમ કર્યો. શ્રદ્ધાનો ધોધ ઝીલ્યો. તો ધડાકાબંધ ૫૦ વર્ષે કામ થાય તે ૫ વર્ષમાં કરી નાખ્યું. આવું વિચારીએ ને ગુણ લઈએ તો આપણો ફુલારો વધી જાય કે નહીં !

શાંતાબેન વિરેન્દ્રભાઈ કેવા મહિમાથી તકની સેવા કરી રહ્યાં છે ! વચને માથું મૂકીને સેવા કરે છે તો તેમનું તો કામ નીકળી ગયું ને ! વ્રત-તપ વગર અક્ષરધામના સુખની પ્રાપ્તિ થઈ ગઈ.

જ્યોતમાં જે ચોખ્ખાઈ છે એ હંસાબેનને આભારી છે. એ શીખી લઈએ તો ! એ વિચારીએ તો પ્રસંગે હંસાબેનનો અભાવ નહીં આવે.

મોટા-નાના સૌની આવડતને આવકારીએ. હું આમાં જ ખાટી ગયો. હું જાણું કે પોપટભાઈનો આમાં ગુણ છે તો પોપટભાઈને સર્વોપરી રીતે વર્તવા દઉં. ગોરધનભાઈનો હોય તો તેને તેમ વર્તવા દઉં એમ દરેક માટે. તેના કાર્યક્ષેત્રમાં માથાકૂટ ના કરું. ને કરવા પણ ના દઉં. કમિટિના મેમ્બરો કહેવા આવે ત્યારે જોઈ લેવાનું કે કંઈ ખોટું થતું નથી ને ! બાકી કોઈની વાત પર ખોટી રોક-ટોક નહીં કરવાની. ભગવાનને કર્તાહર્તા માનીએ. તે બધું કરવાના છે. આમ હું જોગીનું સ્વરૂપ માનીને વર્તતો. એ ગુણ લીધો. વખાણ કરીએ પણ પોતાનું ના કરીએ તો ? માટે ગ્રાહ્ય દ્રષ્ટિ રાખી દરેકમાંથી ગુણ લેતા થઈ જઈએ. જે ગુણ મનમાં મનાયા એ વિચારીને વર્તન સાથે સરખાવીને જીવનમાં ઉતારીએ તો ધડાકો બોલી જાય. આ બધી અંદરની વાત છે. માટે દરેકમાંથી જે સારું દેખાય તે ગુણ લઈ લેવો. તેની નેગેટીવ સાઈડ જોવાની જ નહીં. તો ખરેખર આનંદના ફુવારા ઉડ્યા કરશે. આવું વહેલામાં વહેલી તકે મહારાજ કરી આપે એવી પ્રાર્થના. (તા.૨૪.૧.૧૯૭૪)



# બ્ર.સ્વ.ભગતજી મહારાજના પ્રાગટ્યદિને...

હોળીના દિને આ ધરાને પાવન કરી, પ્રત્યક્ષની ઉપાસનાના અમૃતઘૂંટ પીવડાવી, અંતરના તાપ હરી લઈ, દિવ્ય પ્રશાંતિ બક્ષી છે એવા શ્રી ભગતજી મહારાજને અંતરથી વંદના.

સંવત ૧૯૫૦ના જેઠ માસમાં વાંસદાના દીવાન ઝવેરભાઈના આમંત્રણથી શ્રી ભગતજીમહારાજ વાંસદા પધારેલા. તે દિવસે ઈદનો તહેવાર હોવાથી મુસલમાનો દીવાન સાહેબને મળવા આવ્યા હતા. તે બધાને દીવાનજીએ શ્રી ભગતજી મહારાજનાં દર્શન કરાવ્યાં. શ્રી ભગતજી મહારાજે તેમને વાત કરી કે, 'આજે તો ઈદ છે, માટે ખુદામાં આસક્ત થવું એ જ કરવાનું છે.' આવી ઘણીક વાતોથી તેઓને શાંતિ અનુભવાતાં બોલ્યા કે, 'જરૂર આ ખુદાઈ ફિરસ્તા છે.' એમ કહી ભગતજી મહારાજને સલામ કરી પોતાના ઘરે ગયા.

દીવાનજી ભક્તિભાવવાળા હતા તો કચેરીના સર્વ કામ છોડીને શ્રી ભગતજીમહારાજની સેવામાં પ્રવૃત્ત થઈ રાજીપો પ્રાપ્ત કર્યો. સાથે સાથે જ્ઞાનગોષ્ટિમાં મનની શંકાનું સમાધાન કરીને જીવ બળિયો બનાવી દીધો.

દીવાનજી જ્યારે શ્રી ભગતજીમહારાજના સાંનિધ્યે બેઠા ત્યારે પ્રશ્ન પૂછ્યો કે, 'અજ્ઞાન કેમ ટળે ?'

ભગતજીમહારાજે દ્રષ્ટાંત સહિત ઉત્તર આપ્યો કે, 'શાળ જ્યારથી થાય છે ત્યારથી ફોતરું અને ચોખાને સંબંધ હોય છે પણ એને ખાંડવાથી ફોતરું નોખું પડી જાય છે. વળી આમલીના કચુકાને પણ છોતરું વળગેલું હોય છે. તે જ્યારે અગ્નિથી શેકીએ એટલે જુદું પડી જાય છે તેમ જીવને કારણ શરીરરૂપ અનાદિનું અજ્ઞાન જે વળગેલું છે તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે, વચનને હૃદયમાં ધારે તેણે કરીને કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે.'

પછી વચ.ગ.પ્ર.૩૮મું વંચાવીને વાત કરી કે, 'આ જીવને દેહાધ્યાસ અતિશય થઈ ગયો છે તે સત્પુરુષના સંબંધે અને નિરંતરના ઉપદેશથી પોતે દેહ, ઈંદ્રિયો, અંતઃકરણના ભાવથી જુદો છે એનું ભાન થતાં તેનાથી છૂટો પડી બ્રહ્મરૂપ થઈ જાય છે. ને અંતરનું અજ્ઞાન ટળી જાય છે. પણ બીજા કોઈ ઉપાયથી એ અજ્ઞાન ટળતું નથી.' આમ દીવાનજીના અંતરના સર્વ સંકલ્પ બંધ કરી, અંતઃકરણ સ્થિર કરી દીધું. સબીજ ઉપાસના સહિત જ્ઞાનનો ઉદય કરી દીધો કે, 'પ્રગટ ભગવાનની ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. માટે બીજા-ત્રીજા વિચારો મૂકી, શ્વાસોશ્વાસ અખંડ ભજન કરીને મળ્યા છે તે ઈષ્ટદેવ પ્રત્યે અનન્યભાવે જોડાઈને સેવા-ક્રિયા કરવાથી ભગવાન વશ થઈ જાય...' આવી ઘણીક બળભરી જીવના કલ્યાણની વાતો કરી અજ્ઞાન ટાળી દીધું.

આપણને ગુરુહરિ પપ્પાજીની પ્રાપ્તિ થઈ. તેમના થકી ગુણાતીતભાવને પામેલા સ્વરૂપોની ગોદ મળી છે. તો સદાય તેમનામાં અખંડ વૃત્તિ રાખીને જીવાય તેવું બળ મળ્યા કરે તેવી શ્રી ભગતજી મહારાજના ચરણે પ્રાર્થના...



# પ.પૂ.સાહેબજીના પ્રાગટ્યદિને...

ધૂળેટી એટલે ગુણાતીત સ્વરૂપ સાહેબજીનો પ્રાગટ્યદિન. પ્રભુનું કાર્ય કરવા માટે જ આ ધરાએ જેનું અવતરણ હોય તેવા સત્પુરુષ એવાં ઉત્તમ બીજ જીવમાં નાખ્યા જ કરે. બ્રહ્મરૂપ થવાનો અને સુખી રહેવાનો સરળ ઉપાય છે : પ્રભુનો આશરો. પ્રભુને સંભારીને, તેમને આગળ રાખીને ક્રિયા કરવાથી જીવને શું ફાયદો થાય તેનું માર્ગદર્શન આપતી સાહેબજીની પરાવાણીનું મનન-ચિંતન કરીએ.

'આપણને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. પ્રત્યક્ષ ગુણાતીતભાવમાં રહેતા સ્વરૂપો મળ્યા છે. સાધુ સ્વરૂપોનો યોગ થયો છે. આપણે સૌ ભણેલા-ગણેલા, બુદ્ધિશાળી છીએ. તો આપણે અખંડ સ્વામિનારાયણ મંત્રનું રટણ કર્યા જ કરવું.

જેમ આપણે ગાડી ચલાવીએ તો તેમાં પેટ્રોલ પૂરાવીએ, ડીઝલ પૂરાવીએ તો તે ગાડી આખો દિવસ ચાલે. એમ માનવ શરીર એ આપણું વાહન છે. તેને સારું રાખવા, તેની રક્ષા કરવા માટે સવારના પહોરમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ... ધૂન કરીએ તો આપણામાં ડીવાઈન ફોર્સ પ્રગટશે. જેમ લોખંડનું જેકેટ પહેર્યુ હોય તેને ગોળી વાગે નહીં ને રક્ષા થાય તેમ સ્વામિનારાયણ નામરટણનો ડીવાઈન ફોર્સ ખોટા કાર્યો, આકર્ષણો, પ્રલોભનો વગેરેથી આપણી રક્ષા કરશે. માટે સવારના પહોરમાં થોડો સમય કાઢી ભજન કરીને દરેક ક્રિયાયોગ શરૂ કરવાથી પ્રભુ આપણી સાથે જ રહેશે જ ને રક્ષા કરશે. આનંદમાં રાખશે. વિકટ પરિસ્થિતિમાં શું કરવું ? વગેરેની સૂઝ પાડશે. જેમ સવારે ઉઠતાવેંત ચા-કોફી જોઈએ તેમ આ ભજનની ટેવ પાડી દઈશું તો આપણો આત્મા ફ્રેશ થઈ જશે. મન પ્રફુલ્લિત રહેશે. ભજન સ્મરણથી આપણામાં ચેતન પ્રગટશે. હકારાત્મક વિચારો આવશે.બધું દિવ્ય દિવ્ય અનુભવાશે. આ હકીકત છે. આ પ્રયોગ કરજો. હૈયામાં શાંતિ શાંતિ વર્તાશે. આવી ટેવ શરૂઆતથી પાડી હશે તો પછી અઘરું નહીં પડે. જેમ નાનો ને કુમળો છોડ હોય તેને જેમ વાળીએ તેમ વળે પણ કોઈ મોટું ઝાડ હોય તેને વાળવા જઈએ તો ભાંગી જાય. તેમ મોટા થયા પછી ટેવો બદલવી અઘરી થઈ જાય છે.

બીજું, આપણને ભગવાને આ દેહરૂપી ગાડી આપી છે. તો તે સાચવવા માટે કોઈ વ્યસન ના રાખવા. લસણ-ડુંગળી, નોનવેજ, આલ્કોહોલ, તમાકુ વગેરે ખાવાથી શરીરના કોષ નિર્જીવ થઈ જાય ને રોગનું ઘર બની જાય. જે આપણને દુઃખી કરે ને પૈસાનો પણ વ્યય કરે. જીવન બેકાર થઈ જાય. આ દેહ બહુ કિંમતી છે. તેને કશું થશે તો નવો મળશે ? નહીં મળેને ! માટે તેની કાળજી રાખી, ભગવાનનું ભજન કરીને મસ્ત મજામાં રહેવું છે...'

પ.પૂ.સાહેબજીએ ખૂબ સરસ સૂઝ આપી. આપણે ત્યાગી કે ગૃહી અંતરનું ચેકીંગ કરીને, ભગવાનનો આશરો લેવાની ટેવ સદાય રાખીએ. તેવું જીવવાનું સૌ સ્વરૂપો અને સાહેબજી આપણને શીખવી રહ્યા છે. તેમાં જાગ્રતતા રાખવાનું બળ આપે તે જ પ્રાર્થના..



# શ્રી હરિ જયંતીએ...

અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને ચૈત્ર સુદ નોમના શુભ દિને આ ધરાએ પધારીને અનેક પામર અને મુમુક્ષુઓને સંબંધમાં લઈ પોતાના સુખથી સભર કરી, કૃપામાં મોક્ષના અધિકારી બનાવી દીધાં. મૂર્તિ, મંદિર, શાસ્ત્રો, આચાર્ય, સંતો દ્વારા પૃથ્વી પર અખંડ રહેવાના કોલ આપી આપણને ન્યાલ કરી દીધાં. શ્રી હરિનું અવતાર ધર્યાનું પ્રયોજન કે, પોતાના ભક્તોને પોતાની મૂર્તિનું સુખ દઈ તેમના મનોરથ પૂર્ણ કરવા તે રીતે લાડ લડાવ્યા ને તેમના વારસ સ્વરૂપો થકી આપણે પણ તેવા લાડ પામી રહ્યાં છીએ.

સંવત ૧૯૫૮ના ફાગણ માસમાં શ્રીહરિએ માંગરોળમાં ફૂલદોલ ઉત્સવ કર્યો ત્યારે ભક્તોએ શ્રીહરિને ફૂલના ઝુલા ઉપર ઝુલાવ્યા. શ્રીહરિએ ભક્તોને અખૂટ સુખ આપી હોલિકા ઉત્સવનું રહસ્ય સમજાવતાં કહ્યું કે, ફાગણમાં હોલિકાનો ઉત્સવ સૌ કરે છે. ભક્ત પ્રહ્લાદનો નાશ કરવા હોલિકા તેને ખોળામાં લઈને અગ્નિમાં પ્રવેશી. પરંતુ ભગવાનની ઈચ્છાથી હોલિકા બળી ગઈ ને પ્રહ્લાદની રક્ષા થઈ. આસુરી તત્ત્વો ઉપર દૈવી તત્ત્વોનો વિજય થયો. હોલિકાના આસુરભાવનો તિરસ્કાર કરતાં કરતાં લોકો અશ્લીલતામાં ઉતરી ગયાં. તેવું બોલવાથી અને સાંભળવાથી વૃત્તિઓ ઉશ્કેરાય છે, મન અને દેહ ભ્રષ્ટ થાય છે. માટે આવા કુરિવાજોનો ત્યાગ કરવો...

આ પ્રસંગે ભગવાને પ્રહ્લાદની રક્ષા કરી એટલે ભક્તનો વિજય થયો કહેવાય. એ આનંદમાં સૌએ રંગે રમવું. ભગવાનને પુષ્પના ઝુલામાં ઝુલાવવા. આ રીતે ઉત્સવમાં ભગવાનનું અનુસંધાન રાખવાથી ઉત્સવ ભક્તિમય બની જાય છે...

આ ગામમાં પાણીની તંગી હતી. ગામને પાદરે એક જૂની પૂરાઈ ગયેલી વાવ હતી. શ્રીહરિએ આ વાવને ફરીથી ગળાવવાનું નક્કી કર્યું. શ્રીહરિએ સંતોને કહ્યું કે, 'લોકોના અંતર જીતવા હોય, તેમને ભક્તિમાર્ગે વાળવા હોય તો આપણે જ શ્રમ કરીએ, આ આપણી ભક્તિ છે. જેનાથી સાધુ પ્રત્યે લોકોમાં સદ્ભાવ થશે ને ભક્તિમાર્ગે વળશે. સંતો, હરિભક્તો આ કાર્ય કરશે તો તે તીર્થ બની જશે. હું પણ તેમાં જોડાઈશ.'

બીજા દિવસથી વાવ ગાળવાનું કામ શરૂ થઈ ગયું. ગામોગામથી હરિભક્તો આવવા લાગ્યા. સૌ આ શ્રમયજ્ઞમાં જોડાઈ ગયા. દસ દિવસના શ્રમને અંતે શ્રીહરિની કૃપાથી મીઠું કોપરા જેવું પાણી નીકળ્યું. શ્રીહરિએ તેમાં સ્નાન કરી તીર્થત્વ બક્ષ્યું. શ્રીહરિ પોતે વિધિ કરવા બિરાજ્યા. બ્રાહ્મણોએ શાસ્ત્રની વિધિ અનુસાર પૂજન કરાવ્યું. ઘણા વિપ્રોને શ્રીહરિનું ચતુર્ભુજ વિષ્ણુરૂપે દર્શન થયું. ને તેઓએ કહ્યું કે, 'આપ સાક્ષાત્ ભગવાન છો છતાં અમારા કલ્યાણ અર્થે આપે સ્વયં આ શ્રમ કર્યો. એ અમારા ધન્ય ભાગ્ય છે કે સાક્ષાત્ તમે મળ્યા !' આમ શ્રીહરિએ ગામના લોકોની પાણીની મુશ્કેલી કાયમ માટે દૂર કરી દીધી.

આમ જેનું પ્રાગટ્ય અનંતના કલ્યાણને અર્થે છે એવા શ્રીહરિને અનંત વંદન.

## સત્સંગ સમાચાર

## તા.૨૮.૨.૨૦૨૧ : પ.પૂ.મમ્મીજીના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...

તા. ૨૮.૨.૨૦૨૧ના સાંજના ૫ થી ૭ વાગ્યાની સભામાં પ.પૂ.દીદીના સાંનિધ્યે આ ઉત્સવની ઉજવણી કરી.

સૌ પ્રથમ આવાહ્ન શ્લોકથી સભાનો પ્રારંભ કર્યો. ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી તથા પ.પૂ.મમ્મીજીને પુષ્પહાર અર્પણ કર્યાં. ત્યારબાદ સ્વરૂપોના આશિષ લીધા તે માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આનંદની વાત છે કે બાપાએ ગુણાતીત સમાજની રચનાનું કામ શરૂ કરેલું તે તેમના જ સંકલ્પે પૂરું થયું. આખો ગુણાતીત સમાજ ગુણાતીત ભાવમાં રહેતો થઈ ગયો. સંતો, બહેનો, યુવકો ને ગૃહસ્થો તૈયાર થઈ ગયા.

આજે મમ્મીજીનો દિવસ. મમ્મી પહેલેથી સાથ આપીને દરેક કાર્યમાં ભળી ગયાં. તમે બધાએ મમ્મીના ગુણ ગાયા તેમાં બાબુભાઈ નાથાભાઈએ કંઈ કર્યું જ નથી એમ ? મમ્મીની બેઠી મૂર્તિ ઘડી છે.

મમ્મી એક પત્ની તરીકે હતાં ત્યારે જગતના સારા માનવ બનીને જીવીએ તેવો મારો આદર્શ હતો. તેમાં મમ્મીએ પૂરો સાથ આપ્યો. તેવું જ આધ્યાત્મિક કાર્ય બાપાએ ઉપાડ્યું તો તેમાં સાથ આપ્યો ને બંને દીકરા આપવામાં પણ ભળી ગયાં. ખરેખર મમ્મીએ કોઈ વાતનો હક પહેલેથી નથી રાખ્યો. મારા પૂરક બનીને કામ કરવાનું આવ્યું તો તેમાંય ભળી ગયાં. વિરોધના વંટોળમાં ખૂબ સાથ આપ્યો છે. ખૂબ મૂર્તિ લૂંટીને સેવા કરી છે. તો મમ્મી સૌને આશીર્વાદ આપે ને એમની જેમ મૂક સેવક બનીને પ્રભુનું કાર્ય પ્રભુની રીતે કરવાનું બળ મળે તેવી પ્રાર્થના કરે એ જ પ્રાર્થના.

**પૂ.હંસાબેન ગુણાતીત :** મમ્મીજી ખરેખર મા બનીને રહ્યાં. મમ્મીજીએ પપ્પાજીને ૧૦૦% સમર્પણ કર્યું ને જીવ્યાં. જીવનમાં જે કંઈ આવ્યું તે બધું અંતરમાં સમાવી દીધું. દાસભાવે ગરજુ થઈને સેવા કરી છે. તારદેવમાં અને વિદ્યાનગરમાં મમ્મીજી એવું ટોપ જીવ્યાં તો તેનો પડઘો પડતો. પ્રભુકૃપામાં સેવકો બદલાય પણ સૌની સાથે આત્મીયતા રાખી મહિમાથી બધું શીખવતાં. મમ્મીજીએ પપ્પાજીને આધ્યાત્મિક રીતે વશ કરી લીધા એ તેમની અજોડ પરાભક્તિ છે. ભાઈઓનું, બહેનોનું ખૂબ જતન કર્યું છે. તેમણે બેઠો પ્રાર્થનાનો પ્રવાહ વહાવ્યા જ કરી સૌને બળ પૂર્યું છે. તો મમ્મીજીની જેમ પ્રસંગે ફરિયાદ કર્યા વિના પપ્પાજીને ઉપાયભૂત કરીએ. બસ પપ્પાજીને જે ગમે છે તે જ આપણે કરવું છે. તેવું જીવવાનું બળ, બુદ્ધિ ને પ્રેરણા મમ્મીજી આપે એ જ પ્રાર્થના.

**ડૉ.નીલમબેન :** પપ્પાજીના કાર્યમાં ૧૦૦% મદદરૂપ થાય એવું ચૈતન્ય એટલે મમ્મીજી. પપ્પાજી પૂર્ણ પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ હતા જ. ને એ અનુભૂતિ મમ્મીજીને થઈ. એ કેટલી મોટી વાત છે! મમ્મીજી પપ્પાજીનો પડછાયો બનીને વર્ત્યા છે. પપ્પાજીનો પ્રકાશ ઝીલી શક્યાં તો અંતરનું બધું દિવ્ય થઈ ગયું. મમ્મીજી કોઈના કાર્યમાં માથુ નો'તા મારતાં. એ એમની મોટી ડિસીપ્લીન હતી. એમણે દરેક સાથેના સંબંધમાં મહિમા વધાર્યો છે. મમ્મીજી ખૂબ જ ચોક્કસ. કોઈ વસ્તુ આઘીપાછી થાય તો મમ્મી ચલાવે નહીં એવું રખોપું કર્યું. તેમાં અનેકની ચોકસાઈ વધી. એ મમ્મીજીએ પપ્પાજીનું જ્ઞાન જીવનમાં પચાવી પરમ ભાગવત સંત થઈને આદર્શ પૂરો પાડ્યો છે.

**આશીર્દાન પ.પૂ.દીદી :** મમ્મીજી જેવી આ દુનિયામાં બીજી સ્ત્રી જોવા ન મળે. પૂર્ણ સમર્પણનું એક સર્વોપરી શ્રેષ્ઠ પાત્ર. કોઈપણ પ્રસંગમાં દુઃખી થયા વિના રસ્તો જ કાઢ્યો છે. મમ્મીજીની ઉદારતા જોઈએ તો મસ્તક નમી જાય. બહેનોનું કાર્ય પપ્પાજીએ શરૂ કર્યું તેમાં કોઈ સ્ત્રીભાવ મમ્મીજીમાં જોવા નથી મળ્યો. ચોકસાઈ, ચિવટાઈ ને સ્પષ્ટતાનું સ્વરૂપ. ઘણા ગૃહસ્થોને સમાગમ કરાવીને આંતરિક મદદ કરી છે. બળ આપ્યું છે. એ મમ્મીજીના જેટલા ગુણ ગાઈએ તેટલા ઓછા છે. તો મમ્મીજીની જેમ મૂક સેવક બનીને ધ્યેય સિદ્ધ કરી લઈએ એ જ પ્રાર્થના.

## તા.૧૧.૩.૨૦૨૧ : પ.પૂ.જ્યોતિબેનના પ્રાગટ્યદિનની ઉજવણી...

આજે જ્યોતિબેનનો પ્રાગટ્યદિન શિવરાત્રિ. પપ્પાજી જેને અક્ષરરાત્રિ કહેતા. સભા સંચાલિકા બકુબેને મહિમાદર્શન કરાવ્યું કે, જ્યોતિબેન એ ઉત્સવપ્રેમી. સ્વયં ઉર્જાનો સ્રોત છે. તેના સંબંધમાં જે આવે તે આનંદથી સભર સભર થઈ જાય.

આશિષમંડળ હોય તેને દીકરી જેવી આત્મીયતા અનુભવાય. યુવતી હોય તેને સાથીદાર જેવી હળવાશ એમના સાંનિધ્યે લાગે. ગૃહસ્થ હોય તેને પોતાના માવતર લાગે. ભૂલકાંને પોતાના જેવું ભૂલકું જ લાગે. સામે જેવી હસ્તી હોય તેને તેમના સાંનિધ્યે તેવાં સુખ ને આનંદની અનુભૂતિ થાય.

આવાં જ્યોતિબેન : સોનાબાના વીજળીબા, પપ્પાજીનું હસતું બુલબુલ, કાકાજીની જવાલા, દીદીજી-તારાબેનના અધ્યાત્મમાર્ગના સહયાત્રી, આનંદીબેન (દિલ્હી)ના મધરમેરી, પ્રેમબેન, સર્વેશ્વરબેન અને બહેનોના માવતરરૂપમાં, માધુરીબેન ને પવઈના બહેનોના વાત્સલ્યસભર માતૃહૃદયા, જ્યોતનાં સાધકબહેનોને તો પિતાતુલ્ય પ્રેમ આપનાર, માતાતુલ્ય ગોદમાં રાખનાર, તનના, મનના રખોપાના સંત્રી, આધ્યાત્મમાર્ગના પથદર્શક અનુભવાય. સ્વરૂપ હોય ત્યાં તેમની દાસત્વભક્તિનાં દર્શન થાય. સહયાત્રી પાસે દિવ્ય મૈત્રીભાવનાનાં અને આત્માની એકતાનાં દર્શન થાય. અહો ! કેટલી ને કોના સંબંધની તેમની પરિચયમાલા ! આ પૃથ્વી પર આવો અનવધિકાતિશય શક્તિધોધ નિરંતર પ્રવાહિત થતો રહ્યો છે. આજે ય તે પલ્લવિત કરતો રહ્યો છે, તૃપ્ત કરતો રહ્યો છે. સ્થળ-કાળના બંધનો રહિત... અનંત હૃદયે વિલસી રહ્યો છે. આવા ઉર્જાસ્વરૂપ, આનંદસ્વરૂપ જ્યોતિબેનનો આજે ૮૮મો પ્રાગટ્યદિન.

સૌ પ્રથમ વંદના કરી ત્યાર બાદ સમગ્ર જ્યોતના સાધકો વતી, જ્યોત શાખાઓ વતી, સમગ્ર સમાજ વતી, સર્વ કેન્દ્રો વતી સ્વાગતહાર અર્પણ થયા. નાનામાં નાના સાધક જેને પાર્ષદી દીક્ષા મળી છે. પ.પૂ.જ્યોતિબેનમાં આસ્થા થઈ ને જ્યોતમાં સ્થાન મળ્યું તેવા મુક્તરાજ પૂ.યોગીતાબેન રાઠોડ ના ગદ્યમાં વર્ણવાયેલ ભાવોને ભક્તિરસમાં પૂ.ધર્મિષ્ઠાબેન મોઢે







ઢાળીને સુહૃદરસ રેલાવ્યો એ ભજન 'ઓ રે જ્યોતિ... લાગી લેહ તારી...' ગવાયું. ત્યાર બાદ ભક્તિભાવે ગૂંથાયેલ, સીવાયેલ, ઠાકોરજીઓના હાર અને આવરણો (પડદા) સ્વરૂપોના હસ્તે પ્રસાદી કરાવી





મંદિરના પૂજારી પ.પૂ.ચેતનાબેનને અર્પણ કરી ભક્તિ પ્રસન્નતા પ્રાપ્ત કરી. અને પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેનના હસ્તે પૂ.તૃપ્તિબેન ઠક્કર અને પૂ.યોગીતાબેન રાઠોડે કેકકર્તનવિધિ કરાવી.





ત્યાર બાદ માહાત્મ્યપ્રસાદીભાવો થયા તેને માણીએ.

**પૂ.શોભનાબેન :** શ્રીજીમહારાજ જ્યોતિબેન-તારાબેનને એક કુટુંબમાં લઈ આવ્યા. આપણા માટે ભગવાન ભજવાનો માર્ગ ખોલી સતત એ માર્ગે ચાલ્યા કરીએ તેવું કર્યું. જ્યોતિબેને સર્વસ્વનું સમર્પણ પપ્પાજીને કર્યું. કંઈ જ પોતાનું ના રાખ્યું તો જ્યોતિબેનની હસ્તી આજેય આપણે સૌ અનુભવીએ છીએ. સૌ સાથે આપોપું કરીને જીવ્યાં છે. જ્યોતિબેનના આખા જીવનનો વિચાર કરીએ તો નાના હતાં ત્યારથી એકોએક આજ્ઞા પાળવા માટે, સેવા કરવા માટે તત્પર જ રહ્યાં છે. યજ્ઞરૂપ તેમનું જીવન હતું. જ્યોતિબેને જીવન યાહોમ કરી દીધું. તેમની જેમ જાગ્રતતાથી આપણે પણ જીવીએ. આપણે વીજ ઝબકારે મોતી પરોવી લેવું છે. પપ્પાજીને ઓળખવાની આપણે હૃદયથી કેટલી હાક મારી ? કેટલી ગરજ રાખી ? પોતાની રીતે જીવવામાં કેટલું ગુમાવ્યું ? તે તપાસીએ ને ઉત્તમ જીવન બનાવી તેમને ઓળખીને પામી જઈએ. મન, હૃદય, વિચારથી પપ્પાજીમાં રત રહીએ. આ બધાં સ્વરૂપોને રાજી કરી લઈએ. તેઓ આપણા થકી ઓશિયાળા ના થાય. ને આપણા વિચાર, વાણી, વર્તન થકી ખૂબ રાજી રહે તેવી પ્રાર્થના.



**પૂ.હેમાબેન ભટ્ટ :** જ્યોતિબેનની સેવાનો લાભ મળ્યો. જ્યોતિબેન તારદેવમાં સેવામાં અગ્રેસર રહેતા. તેવી જ અહીંયા આવ્યા પછી પણ સેવાની ધખણા હતી. મહાપૂજામાં બધા માટે પ્રાર્થના કરે. ઘણીવાર કહે કે મારે તો હરતાં-ફરતાં બધાના નામની મહાપૂજા થઈ જાય. કોઈ રોક-ટોક કર્યા વિના પ્રાર્થનાથી બધું ઓગાળે છે. એકવાર હું જ્યોતિબેનના દર્શન કરવા ગઈ ત્યારે તેઓ સુશોભનની રૂમમાં પાટલી પર બેસીને રેતી, સિમેન્ટ બધું મીક્સ કરતા હતા. આ કામ મજૂરનું કહેવાય પણ જો પોતે તૈયાર રાખે તો આ કામ સ્પીડમાં થાય ને પૈસા ઓછા ચૂકવવા પડે. સેવા નાની છે કે મોટી એવું કાંઈ નહીં. એમનું કાર્ય ખૂબ વિશાળ છે. એમને સમજવામાં, એમને ઓળખવામાં કાંઈ કસર રહી ગઈ હોય એ ટળી જાય એ જ પ્રાર્થના.



**પૂ.વજીબેન :** જ્યોતિબેને અમારા જીવનમાં ખૂબ કામ કર્યું છે. અમે જ્યારે ભગવાન ભજવા આવ્યા ત્યારે મનની તૈયારી સાથે નહોતા આવ્યા ટોઈ ટોઈને આગળ લીધાં. અમારામાં પ્રાર્થનાથી કામ કર્યું છે. અમારા ઘડતરમાં મા બની જતન કર્યું.



જ્યોતિબેને ઈન્દુબા, હેમાબેન, હંસાબેન, સવિબેનમાં કામ કર્યુ એવું જ હરિભક્તોમાં પણ કર્યું છે. એક દીકરીને

કૃષ્ણ ભગવાનની નિષ્ઠા હતી. તેના વિવાહ થયા ત્યાં સ્વામિનારાયણ ધર્મ હતો. તે સ્વીકારવા પોતે તૈયાર ન હતી તેથી મૂંઝાતી હતી. જ્યોતિબેને સમજાવી કે તમે અરસ-પરસ સાથે રહેવા માંગો છો તો સ્વીકારી લઈશ તો સુખી થઈશ... ને તે દીકરીને શાંતિ થઈ ગઈ ને સ્વામિનારાયણ ધર્મ સ્વીકારી લીધો. આવા તો કેટલાંયના મન બદલી પ્રભુમાર્ગે વાળી સુખિયા કર્યા.

જ્યોતિબેન સૌરાષ્ટ્રમાં વિચરણમાં ગયેલા. વેરાવળ પાસે લોજના સંતોની ગાડી બગડી હતી તે જોયું. ને સારથી ભાઈને સંતો પાસે પાણી-નાસ્તા લઈને મોકલ્યા. પછી પોતે વેરાવળ ભક્તોના ઘરે ન જતાં પહેલા લોજ પધાર્યા ને મંદિરે સમાચાર આપ્યા કે 'આ રીતે વેરાવળ પાસે સંતોની ગાડી બગડી છે.' કેવો સુહૃદભાવ ! તેનું દર્શન કરાવ્યું... તો અમે જે ધ્યેય માટે નીકળ્યા છીએ એ સિદ્ધ કરાવી પપ્પાજી સુધી પહોંચાડે એ જ જ્યોતિબેનને પ્રાર્થના.

**પૂ.મંદાબેન :** જ્યોતિબેન ૪થી જાન્યુઆરી ૨૦૧૮ના હોસ્પિટલમાં દાખલ થયાં. તે દિવસે સવારે જ્યોતિબેનને ખૂબ શ્વાસ હતો. મને ભજન ગાવાનું કહ્યું ને એ મંત્રલેખન કરતાં હતાં. જ્યોતિબેન કહે, 'હું મારા મનને ડાયવર્ઝન કરું છું.' પોતે તો દેહાતીત સ્વરૂપ હતાં. જે કંઈ કરવાનું છે તે મંત્રરટણથી થાય છે તેવો એક દાખલો બેસાડ્યો. પપ્પાજીએ પણ કહ્યું છે તેમ કંઈપણ બને તેમાં મંત્રનો આધાર લઈએ તેવું બળ આપો એ જ પ્રાર્થના.



**આશીર્દાન પ.પૂ.પદુબેન :** જ્યોતિબેન કેવું સ્વરૂપ છે ! તે કહેવા માટે શબ્દો, ભાવ, મહિમા ઓછા પડે એટલું એમનું વિરાટ, વ્યાપક સ્વરૂપ. પોતાની કોઈ અસ્મિતા કે જાણપણું જ નહીં. દરેક અંગના તેમનામાં દર્શન થાય. કોઈપણ ક્રિયા હોય – હાર બનાવે કે



મશીનરી ખરીદવાની હોય, કે કંઈ દવા કરવાની હોય તે દરેક વાતમાં એટલી સ્ફુરણા ને ઉર્જા. અલ્પ સંબંધવાળો એ મારા માથાનો મુગટ. એ વર્તનમાં સહજ જ હતું.

એમને પોતાનું કોઈ પ્રકારનું જાણપણું જ નહીં. જે ગૃહસ્થના ઘરે ગયા હોય ત્યાં એના ઘરમાં, કુટુંબમાં, સગાવ્હાલામાં સૌ દરેક રીતે સુખિયા થાય એ જ વાત હોય. નાની-મોટી કોઈ સેવા કરવામાં નાનપ નહીં. ગુરુપદે હતાં તો પણ સૂચન કર્યા વિના પોતાને ગંદુ લાગે તો તે પોતે જ સાફ કરી નાખે.

જ્યોતિબેનને ક્યારેય એવું નથી લાગ્યું કે હું કાંઈ મોટી છું. કાયમ હળવાફુલ ! એટલાં ઉત્સાહી, નિત નવા આયોજનથી બહેનોને ભગવાનમય કરી દેતાં.

જ્યોતિબેન કહેતાં કે, 'ભગવાન ભજવા ને ભજાવવાનું વ્રત લીધું છે. તો મારે જ ભક્તિ કરવાની હોય ને !' તેવી તેમની હંમેશની ભાવના હતી તો આપણે પણ એમની જેમ હલકાફુલ રહી, અલ્પ સંબંધવાળા પ્રભુનું સ્વરૂપ છે તેમ માનીને વર્તવામાં આપણો આનંદ હોય. તેવું આપણું જીવન થઈ જાય તે જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** જ્યોતિબેન સર્વદેશીય તો ખરાં પણ સર્વમાન્ય સ્વરૂપ. ત્યારે એમ થાય કે અમારી સાથે રહીનેય બધામાં પહોંચી ગયાં. તેમનો બાહ્ય પ્રભાવ આંજી દે તેવો નહીં પણ આંતરિક પ્રભાવ ખૂબ જ જે સામાને નિશ્ચિંતતા ને પ્રેમ આપે એવો. એમનું દર્શન ને વાણી સરળ દેખાય ને ક્રિયા સહજ થતી હોય એટલે જીવમાં બેસી જાય. જ્યોતિબેને ક્યારેય કોઈ પાસે અપેક્ષા નથી રાખી. નાના-મોટા, ભાઈ-બાઈ બધા જ એમના. એ સરળ હૃદયી. ભગવાનનું કાર્ય કરવા માટે કોઈ જાતની ગણતરી નહીં...



આપણે ભગવાનના છીએ એના માટે નીકળ્યા છીએ. એમની રીતે સેવા કરવા. એમનું વચન છે કે, 'ગરજુ થઈ સેવા કરો, દિવ્યભાવ રાખી ખમો.' તે પાળવું જ પડે છે. જ્યોતિબેન સેવા વગર રહી શકતાં

ન હતાં. સેવામાં ચોઈસ નહોતી. ગમતી સેવા કરીએ તો ભગવાનના ગમતા ના થવાય. ભગવાન તો રાજી થવા તૈયાર જ છે તો જે કંઈ સેવા કરીએ તે મહિમાથી, ગરજુ થઈને કરવી. માન-અપમાન ગણવા જ નહીં. આપણી પ્રાપ્તિ માટે કરીએ છીએ. જેને પ્રાપ્તિ કરવી હોય તેને નીચા નમતા જવું પડે. દેહ ધારીને જ્યોતિબેને પોતાનું કાર્ય કર્યું તેમ આપણે કરી લેવું છે.

**આશીર્દાન પ.પૂ.જ્યોતિબેન :** ૧૯૫૩-૫૪માં મારો જન્મદિન આવ્યો તો આનંદ થાય ને કે આજે મારો જન્મદિન છે. કાકાજી સીટી ગરૂમમાં બિરાજમાન હતા. હું પગે લાગી તો કહે, 'જ્યોતિ જીવે છે ? તે મરે ત્યારે ઉજવજો.' આ આશિષ મને આપેલા...



આપણામાં બધું પપ્પાજીની મરજીથી ચાલી રહ્યું છે. આપણે માત્ર નિમિત્ત છીએ. વચ.કા.૧૦ પ્રમાણે આપણામાં બધું પ્રભુ જ કરી રહ્યા છે તેવું માનીએ. કા.૧૦ આપણને સૌને લાગુ પડે છે. આ નજર સમક્ષ રાખી સારા-માઠા પ્રસંગે પ્રભુને કર્તાહર્તા માનીએ જ. આપણી દ્રષ્ટિ કેવળ પ્રત્યક્ષ સ્વરૂપ તરફ રાખીશું તો કોઈનાય સ્વભાવ-પ્રકૃતિ નજરમાં નહીં આવે.

આ જ્યોતનો કારભાર પપ્પાજી-જોગી ચલાવે છે. તે કોઈને હેડ નીમીને નથી ગયા. માટે બધું તે જ કરવાના છે. કોઈનો આકાર જોઈ સુખી-દુઃખી ના થવાય એવું સૌને કરી આપે તેવી પપ્પાજીને પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** જ્યોતિબેન પૂર્વના જબરજસ્ત. બાના ઘરે જન્મ આપ્યો. શાસ્ત્રીજીમહારાજનો જોગ જન્મથી હતો. તેથી તેમને સહેલું પડી ગયું. સરળ સ્વભાવ ને વિશ્વાસનું અંગ. હસતું બુલબુલ. સર્વદેશીયતા. મહારાજના છે તે બધા મારા તેવું માને છે. યોગીજીમહારાજને જે



પ્રાપ્તિ કરાવવી હતી તે કરીને વર્તી રહ્યા છે. સત્સંગમાં ખૂબ આત્મીયતા રાખી રસબસ થઈને વર્તે છે. આ બધા ગુણાતીતના ગુણ છે. બંને બહેનો પહેલેથી આદર્શ છે... જ્યોતિબેન આખા સમાજનું જતન ચૈતન્ય મા બનીનને કર્યા કરે એ જ આશીર્વાદ.

★ વિશિષ્ટ આશિષપ્રસાદ લેવામાં ગુરુહરિ પપ્પાજીએ સાંજની સભાના પ્રારંભે જ આનંદરસ રેલાવતા સભર કરી દીધા'તા એ માણીએ.

સર્વમાન્ય, સર્વપ્રિય, સર્વદેશીય બ્ર.સ્વ. જ્યોતિબેનના અનંત કાર્યોમાં એક મુંબઈમંડળ પ્રથમથી જ માહાત્મ્ય અને સેવાથી રંગાયેલું. તેમણે આ વખતના ૮૮મા પ્રાગટ્યે સર્વનો ભાવ-માહાત્મ્ય ઓનલાઈન સભાથી ઉજવવાની તક ઝીલી. એ દ્વિતીય સભા સાંજે ૫ થી ૭ ની 'યુનિવર્સલ જ્યોતિ તેજ બિંદુ'ના




https://youtu.be/J5zNL4RNqsA

કાર્યક્રમથી ભાવસભર રીતે રજૂ થયો. જેમાં સ્વાગત-પૂજન-હાર-આરતી-કેક-ભાવનૃત્યો-માહાત્મ્યગાન અને સર્વ સ્વરૂપોના આશિષ સાથે વક્તાઓની અનેક સ્મૃતિઓ, મૂર્તિઓ, લીલાઓની કંઈક ઝાંખી કરાવતા સ્મૃતિદર્શનનો લ્હાવો આપી, મુંબઈમંડળે સર્વની ખૂબ પ્રસન્નતા લીધી. જે આપણે સૌએ ઓનલાઈન લાભ માણ્યો. ધન્યવાદના ધોધમાં એ સર્વ આબાલવૃદ્ધ સક્રિય કાર્યકરો ને કલાકારો તથા તેમાં સાથ આપનાર અલ્પ સંબંધવાળા સૌનો જ્યોતમાં પૂ.ભાવનાબેન ગજ્જર દ્વારા આભાર અને સેવાની તક ઝીલનારા ઉપર સ્વરૂપોની, પ્રસન્નતા વ્યક્ત થઈ. ફરી ફરી એ સર્વ અક્ષરમુક્તોને ખૂબ ખૂબ અભિનંદન.

## પ.પૂ.લીલાબેનનો ૮૦મો પ્રાગટ્યદિન : ગુરુવંદનાપર્વની ઉજવણી...



આ કોરોનાના વાતાવરણમાં અનેક કાર્યો સ્થગિત થયાં. જેમાં મંદિરોના ભગવાનને પણ ઘરઘરના મંદિરોમાં પ્રત્યક્ષ થઈ ભક્તોને દર્શનદાન દેવા પધારવાનું થયું. એવા સમયમાં ગુણાતીત જ્યોતના સમૈયાઓ ઘરઘરમાં ઉજવવાનું ટાણું આવ્યું. આપણે તો સમય પ્રભુને આધીન છે. તેથી પ.પૂ.લીલાબેનના ૮૦મા પ્રાગટ્યદિનને માણવાની તક ૨૦૨૦ને બદલે ૨૦૨૧મા ઉજવવા મળી. જેને ગુરુવંદના પર્વ નામ અપાયું. ગુરુહરિ પપ્પાજીમહારાજના યુગકાર્ય સ્વરૂપોના માહાત્મ્યને જ્યોતમાં સદ્‌ગુરુવાઈઝ વિધવિધ પોઈન્ટ અપાયેલા. તે રીતે દરેક ગ્રુપે માહાત્મ્યભર્યા મનન ચિંતવનથી લીલાબેનની અનેક રીતે સ્મૃતિસૌરભ માણી ગુરુહરિ પપ્પાજીને પ્રસન્ન કર્યા. આ કાર્યક્રમ **તા.૨, ૩, ૪ માર્ચ એમ ત્રણ દિવસ સાંજે ૫ થી ૭નો હતો.** જેમાં સૌએ અક્ષરધામનો આનંદ માણ્યો. જેમાં પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેનના સાંનિધ્યે પ્રસન્નતાનો ધોધ વહી રહ્યો. હવે સર્વ હરિભક્તોના સાંનિધ્યે ઓન લાઈન સભાની સ્મૃતિઓથી સભર થઈશું.

★ તા.૧૨મીએ પરમસૂરવૃંદના કંટ્રોલ હેડ પ.પૂ. લીલાબેનને સન્માનતા 'બંસીધરની તું બંસી'નો ગ્રીનબેલ્ટ અર્પણ કરી. તેમણે ગાયેલાં તથા તેમના માહાત્મ્યનાં ભજનોની કીર્તનઆરાધના કરી ભક્તિ અદા કરી.

★ તા.૧૩મીએ આશ્રિત ભક્તોએ સદ્‌ગુરુસ્વરૂપોને ભાવાર્પણ કર્યા. અને પ.પૂ.લીલાબેનની મેડીકલી સુશ્રુષા કરતા સૌ ડૉક્ટર્સ સ્ટાફને ભાવાર્પણ કરી લીલાબેનની માહાત્મ્યભાવનાને બહેનોએ વંદના કરી; સ્મૃતિદર્શન વિડીયો દ્વારા માણ્યું. ત્યાર બાદ જે જે વિભાગના હેડરૂપે લીલાબેને સેવા કરી એવાં બહેનોએ ભાવાર્પણ અને માહાત્મ્યગાન કર્યા તે માણીએ.



**પૂ.નીપાબેન શાહ :** લીલાબેનનું જીવન સાદું, સરળ. નહીં મહત્વકાંક્ષા, નહીં ઉદાસીનતા. ભગવાનથી ભરેલું. સ્પષ્ટ, ધ્યેયલક્ષી જીવન. પોતે, પોતાની સેવા અને ભગવાન. રોકટોક વગર ભગવાનનો આશરો રાખ્યો છે ને અમને રખાવ્યો છે. ટાઈમ બગાડીએ એ એમને ના ગમે. ભજન ગવડાવીને ભર્યા રાખે. આપણે મૂંઝાયેલા હોઈએ તો એક જ વાત કહે કે, 'બધા પ્રશ્નોનો ઉકેલ ભજનથી લાવવાનો.' પ્રસંગોમાં સૂઝ આપી છે. સેવાનો પ્રારંભ બે મિનિટ ધૂન કરીને કરતા શીખવ્યું છે. કોઈ વસ્તુ ના મળતી હોય તો અવશ્ય કહે, 'પહેલા બે મિનિટ ધૂન કરો પછી શોધો.' ને આમ કરવાથી વસ્તુ મળી જાય તેવા અનેક અનુભવો કર્યા છે. ક્યારેય તેમનામાં ગુસ્સો નથી જોયો. બહારથી ધીર-ગંભીર દેખાય પણ મુક્તો આગળ રાંક, નિર્માની બનીને રહ્યાં છે. પ્રભુનો સંબંધ છે તે ભાવે મુક્તોને દુઃખવતા ડરી પ્રેમથી વર્ત્યા છે.

લીલાબેને અમારું એક ચૈતન્ય મા બનીને જતન કર્યું છે. હું આજે પ્રાર્થના કરું છું કે અમારાથી જે કંઈ બોલાઈ ગયું હોય એ અમારું બધું માફ કરી દેજો. એ જ અમારી રેકોર્ડીંગ વિભાગ તરફથી પ્રાર્થના છે. તમે કેસેટનું જતન કરવાથી માંડી આધ્યાત્મિક સિંચન કર્યું છે તો તમારો વારસો અમે જીવંત રાખીએ એ જ પ્રાર્થના. તમે તમારી તબિયત સરસ રાખજો અને અમારી સાથે દીર્ઘાયુ રહો એવી પ્રાર્થના.

**પૂ.હંસાબેન માવદીયા :** નડિયાદમાં ૧૯૯૧થી ૨૦૦૧ સુધી લીલાબેન અમારી સાથે રહ્યાં. શરૂઆતમાં અમને સ્ટ્રીક લાગ્યાં. પણ જેમ જેમ નજીક જતા ગયાં તેમ માની જેમ અમને સૂઝ આપતા ગયાં. પપ્પાજીએ આજ્ઞા આપી કે 'હૈયા હૈયાને રાખો શ્યામે ભર્યા...' એ ભજન ટીચર્સ બહેનોએ બસમાં ગાવાનું. એ લીલાબેન રોજ જ ગવડાવતાં. આમ નાની નાની આજ્ઞામાં પણ જતન કરીને અમારું ઘડતર કર્યું છે.



એવી જ રીતે રોજ પપ્પાજીનું પ્રવચન સંભળાવે. ત્યાર બાદ મહાપૂજા કરે. કાશીકાકીનું, ગંગાબાનાં દીકરી શાંતિબેનનું, હસુબેન અને સોનલનું પણ એવું જ જતન કર્યું છે. આમ ઘણું પપ્પાજીનું કાર્ય કર્યું છે. 'શૈશવસ્મૃતિનાં સંભારણા' કાર્યક્રમ કર્યો તેમાં લીલાબેને અમારા ડાયલોગ કેસેટ કરી ને અમને પ્રેક્ટીશ કરાવી. અમારામાં સેવાનું, સ્વરૂપોનું, માહાત્મ્ય લીલાબેને ઉગાડ્યું છે. પપ્પાજીની નજીક લઈ ગયાં.

લીલાબેન સ્પષ્ટવક્તા. ખૂબ શ્રમ કર્યો છે. તો હે લીલાબેન ! અમે ખમી-નમી સૌમાં મહારાજ જોતા થઈ જઈએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જસુબાઃ** બધાં બહેનોએ વાત કરી, ખૂબ મહિમા ગાયો. સાંભળવી ખૂબ ગમી. એમ થાય કે આટલું બધું જ્ઞાન ! તમે જે બોલો છો તેમાંથી એક વાક્ય લઈ તમારું જીવન બનાવી ઘો. આપણું જ્ઞાન છે તે પ્રેક્ટીકલ કરીએ. એકવાર મગજમાં લીધું પછી તે પૂરું ન થાય ત્યાં સુધી જંપ ન વળે તેવી ચોટ લગાડી દઈએ. પછી કાંઈ આડું નહીં આવે. આપણો બધો કચરો છે તે નીકળી જશે ને જીવમાં એ બેઠા એ એક જ રહેશે.



લીલાબેનનું આખું જીવન વર્તનમાં મૂકવા જેવું છે. હે લીલાબેન ! સૌ તમારી જેમ પપ્પાજીના સિદ્ધાંતે જીવી ધ્યેય સિદ્ધ કરે એ જ પ્રાર્થના.

## પ.પૂ.લીલાબેનનો ૮૦મો પ્રાગટ્યદિન : ગુરુવંદનાપર્વની મુખ્ય સભા...







★ તા.૧૪મીએ મુખ્ય સભામાં પ.પૂ. દીદી સાથે પૂ.લીલાબેન પંચામૃત હૉલમાં, પપ્પાજી હૉલમાં લીલી ફૂલવાડીના સ્વાગત પથ પર રેડ કારપેટ પરથી મુખ્ય હૉલમાં પધાર્યા. જ્યાં ગુરુવંદના પર્વ ૮૦મા પ્રાગટ્યે ૮૦ના પ્રતીકમાં ઠાકોરજી સહિત પરમતારક

સ્વરૂપે પ.પૂ.દીદી અને પ.પૂ. લીલાબેન બિરાજમાન હતાં અને સ્વાગત પથ પર અનુક્રમે પૂજન, રક્ષા








અર્પણ, હારઅર્પણ થયાં. ત્યારે સ્મૃતિબેન રચિત 'કરામત ધામની' ભજન સાથે માહાત્મ્યવંદના કરતાં સ્ટેજ પાસે સર્વ સ્વરૂપોએ પુષ્પવૃષ્ટિ કરી. અને સ્ટેજનો પડદો ખૂલતાં સ્વાગતનૃત્યમાં અરૂણાબેન



રચિત ભજન 'ઉમટે આનંદે, મુક્તો ઉમંગે...' પર આખા ઉત્સવનો રંગ રંગમંચ પરથી સૌના હૃદયમાં રેલાઈ ગયો. ત્યાર બાદ સ્વરૂપો અને લીલાબેન સ્વઆસને પધાર્યાં. ૮૦ તાળીઓથી વધાવ્યાં. પૂર્વાશ્રમની થોડી સ્મૃતિઓ માણી. અને ભાવાર્પણ થયા. વિડીયો દ્વારા સ્મૃતિઓ, માહાત્મ્યદર્શન અને પૂ.અમીબેન શાહ અને પૂ.સ્તુતિબેન શાહના ભાવનૃત્ય





નિહાળ્યાં. પૂ.મયૂરીબેન રચિત માહાત્મ્યગાનનું ભજન 'પ્રીત પૂરવની જાગી પ્રભુમાં...' ગવાયું.





પ્રેરણા વિભાગે લીલાબેનના લાભની સીડી બનાવેલી જે પૂ.જાગૃતિબેન વિઠલાણીએ પ.પૂ.પદુબેનના હસ્તે અનાવરિત કરાવી.



કેક અર્પણમાં લીલાબેનની કાર ચલાવવની સ્મૃતિ પ્રારંભની અને ગુરુહરિ પપ્પાજીના વિશ્વાસુ બન્યા કે ઈંદ્રિયો અંતઃકરણ પર બ્રેક એટલે લીલાબેન એ દર્શન કેકમાં 'કાર'ના પ્રતીકમાં પૂ.ગ્રીષ્માબેન, પૂ.ઉર્વશીબેને અર્પણ કરી. પૂ.ભાવનાબેન ડી.એ મ્યુઝિક વિભાગ તરફથી સ્મૃતિભાવ અર્પણ કર્યો.

સૌ પ્રભુના કાર્યમાં, પ્રભુની લીલામાં, પ્રભુની સર્વોપરીતામાં લીન થયા એ માહાત્મ્યગાન, અનુભવદર્શન અને આશિષપ્રસાદને માણીએ.







**આશીર્દાન પ.પૂ.તારાબેનઃ** આજે લીલાબેનની જયંતી. ૧૯૪૦માં એમનું પ્રાગટ્ય છે. લીલાબેને ખરેખર સાધના કરી ખપ રાખીને મંડ્યાં. સ્વભજનનો



ઉપાય પહેલેથી લીધો છે. અંદરનું તીવ્રતાભર્યુ ભજન. સ્વરૂપનિષ્ઠા માટે અંતરની તાલાવેલીથી બાપાની મૂર્તિ લઈને બેસી જતાં ને માહાત્મ્યેયુક્ત સેવા કરીને ૩૦૦ માળા રોજની પૂરી કરતાં. તારદેવ માસીબા ને બેનના ઓપરેશન વખતે દીદીએ સેવા માટે લીલાબેનને પસંદ કર્યા. ત્યારે દિલથી ચાકરી કરી છે. ને ત્યારથી દીદીએ દવાખાના માટે પંસદ કરી લીધાં. પોતે એવી સેવા કરીને માયાબેનને પણ એવા ટ્રેઈન કર્યા.

આપણી નિષ્ઠા પાકી હોય તો પ્રસંગે સીધી નજર પપ્પા સામે જ જાય ને એ ઉપાયભૂત થાય જ એનો સાકાર દાખલો લીલાબેન છે.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** લીલાબેન ખરેખર ખપવાળા હતા. અનાદિ અક્ષરમુક્તોને ભેગા કરી યોગીજીમહારાજે કામ શરૂ કર્યું તેમાંના લીલાબેન.



તેમને રીતરિવાજ પ્રમાણે પરણાવ્યા પણ અક્ષરમુક્ત હતા તો એમણે લાડુબા-જીવુબાની જેવુ કર્યું. સાસરે ગયા પણ ભાઈ=બેનનો સંબંધ રાખ્યો. ભગવાન ભજવા મુંબઈ આવ્યા. ઈતિહાસ તો તમે જાણો છો. આ બધા અક્ષરમુક્ત પરમહંસો મહારાજના વખતના હતા તે જગતમાં જઈ જ ના શક્યા. જે ગુણાતીત જ્યોતમાં આવ્યા છે તે બધા અક્ષરમુક્ત જ છે. તે આદર્શ લીલાબેને પૂરો પાડ્યો. ભગવાન ભજનારના રાહબર બન્યાં. તો આશીર્વાદ આપે કે નાની બહેનો સુખ, શાંતિ, આનંદથી ભગવાન ભજે એ જ પ્રાર્થના.



**ડૉ.ભાવનાબેન શેઠ :** સ્વામિનારાયણ ભગવાનના વખતનાં નારી રત્નોની વાત ખબર છે. પપ્પાજી પરબ્રહ્મ તત્ત્વ ધારીને વર્ત્યા ને આપણને અનેક નારી રત્નો આપ્યાં તેમાંના લીલાબેન. સ્વધર્મ, કર્તવ્યનિષ્ઠ, વફાદાર એવાં લીલાબેન માસીબાની દષ્ટિવાળાં. ૧૯૬૨માં ઈન્ડિયા આવ્યાં. માસીબાએ પ્રસાદ મોકલ્યો તે આપવા તારદેવ ગયાં. ને જોગ થઈ ગયો. આ વખતથી પપ્પાજીની દષ્ટિમાં તેમનું ચૈતન્ય આવી ગયેલું. પપ્પાજીના વચન, સૂચન ને સિદ્ધાંતમાં જીવવાવાળાં લીલાબેન.

એકવાર વડોદરા જતાં ડ્રાયવર ભાઈ કંઈક કામ માટે ગયા ને ગાડી સરકવા લાગી. લીલાબેને ડ્રાયવરની સીટ પર જઈને બ્રેક મારી ગાડી અટકાવી દીધી. ને દીદીની પ્રસન્ન દષ્ટિ પડી ગઈ.

પપ્પાજી કહેતા કે નાના નિયમોનું પાલન કરીશું તો મોટા નિયમો ઓટોમેટિક પળાશે. એવું લીલાબેનના વર્તનમાં છે. તેઓએ દાસના દાસ બનીને સાધુતાના વર્તનથી ગુણાતીત જ્યોતની શાન ને મહિમા વધાર્યો છે તે અમે જાળવીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** લીલાબેને તો લીલા ભારે કરી. તારદેવ પધાર્યા ને રોજ ૩૦૦ માળા કરીને ગૃહસ્થાશ્રમ છોડી આ ગુણાતીત જ્યોત ને સમાજમાં સાધક બનીને સમાઈ ગયાં ને પામી ગયાં.



યોગીબાપાએ કહ્યું કે ૩૦૦ માળા કરજો. તારાબેને કહ્યું કે ૩૦૦ માળા કરજો. એમ કેટલું ભજન કર્યું તો ધાર્યું નિશાન પાર પડી ગયું. ખૂબ દઢ નિશ્ચયી છે લીલાબેન. તેમનામાં આળસ નહીં. એમનો સ્વધર્મ બજાવે ત્યાં હાથ નીચેનાને ઓર્ડર ના કરે. લીલાબેનને સૂચન કરીએ તો તે સ્વીકારે દલીલ ના કરે ને સ્મિત ના જવા દે. લીલાબેન ભજન અને સ્થિરતાનો ભંડાર છે. દેખાડો કરવાની ટેવ નહીં. તેમણે તારાબેનને ચકચૂર રાજી કરી લીધાં. તારદેવમાં અનંત રાજીપા લીધા છે. અને અહીંયા પણ. આપણે બધા પ્રાપ્તિના કેફમાં રહીએ કે આવા પપ્પાજી મળી ગયા ! બધાને વર્તાવનાર મારા પપ્પાજી છે. કંઈપણ બસુરું લાગે તો સ્વામિનારાયણ... કર્યા કરીએ. આપણે ડસ્ટબીન ના બનીએ. કર્તાહર્તા પપ્પાજીને માનીએ. આવું મને ને તમને સૌને મનાઈ જાય એ જ લીલાબેન તમારા ચરણે પ્રાર્થના.






**પૂ.ભાવનાબેન કે. :** લીલાબેન તારદેવ આવ્યાં ત્યારે અમે ખૂબ નાના હતાં. ત્યારે એમના ભજન કરતાં દર્શન કર્યા છે. ભજનથી બધું પરિણામ લાવ્યાં છે. ચેલેંજ એટલે લીલાબેન. જ્યોતમાં આવ્યા પછી ઈંગ્લીશ શીખવાડે, ભજન ગાતાં શીખવાડે. સ્પષ્ટતા,

ચોકસાઈ, ચીવટાઈથી દરેક સેવા કરતાં શીખવાડ્યું છે. લીલાબેનની વૃત્તિ કેવી પપ્પાજીની આજ્ઞા તરફ રહેતી હશે ! બધી સેવા કાંઈ શીખીને નો'તાં આવ્યાં. પણ જે આજ્ઞા આપી તે સેવા સરસ રીતે કરી. દરેક ચૈતન્યનું જતન પણ ભજનથી જ કર્યું છે.

લીલાબેન સંકલ્પ કરીને કૃપા કરજો કે અમે જ્યાં અટક્યા હોઈએ ત્યાંથી આગળ જઈએ એ જ પ્રાર્થના.

**પ.પૂ.માયાબેન :** લીલાબેન એટલે કૃતનિશ્ચયી. ધારે તે કરીને રહે. દરેક કાર્યમાં પપ્પાજીને સાથે રાખવાનું એમણે શીખવાડ્યું. સ્પષ્ટતા, ચોકસાઈ રાખી, પોતે પોતાની અને અમારી સાધના સરળ બનાવી. એમણે જ્યારે જે કાંઈ કહેવાનું હતું તે કહીને એવું ઘડતર કર્યું તો પ્રભુને પામવાનું સરળ બની ગયું.



લીલાબેનને કથાવાર્તાનો ખૂબ જ ઈશક. પણ પોતાના સ્વધર્મને લીધે બહેનોને દવાખાને લઈ જતાં. તો નવરાશના સમયમાં ત્યાં પણ સાથે પુસ્તક લઈ જતાં ને સ્વાધ્યાય કરતાં. લીલાબેને આપણને પપ્પાજીના સ્વરૂપો માની સેવા કરી છે અને ધ્યેય સિદ્ધ કરવા તેઓ જેમ ઝઝૂમ્યાં તેમ આપણે પણ આપણા અંગે ઝઝૂમીએ ને પ્રાપ્તિ કરી લઈએ એ જ પ્રાર્થના.

**પૂ.ભાવનાબેન વડિયા :** લીલાબેનનો મહિમા તો સમજાયો જ નથી તો બોલીએ કેવી રીતે ! ૧૯૭૧માં હું એસ.એસ.સી.માં હતી ત્યારે વિદ્યાનગર વાંચવા માટે આવેલી. તારાબેને લીલાબેનને મને તૈયારી કરાવવાનું સોંપ્યું. ને જે તૈયારી માટે આપ્યું હોય તે બધું પૂછે. મને આવડે ના આવડે પણ એ કોઈ દિવસ વઢ્યાં નથી. લીલાબેન ભજનથી આપણી મૂંઝવણ દૂર કરે છે. તેઓ ખૂબ પ્રેમાળ, લાગણીશીલ છે. તેમના શ્વાસેશ્વાસે પપ્પાજી જ હોય. તારાબેનનો એવો મહિમા સમજાવ્યો કે આપણને એમ થઈ જાય કે આપણે તો કાંઈ સમજ્યા જ નથી.



૨૦૦૭ ને ૨૦૧૪માં અમારી બીમારીમાં અમને ખૂબ બળ આપ્યું. પોતે હાજરાહજૂર રહ્યાં. હું આઈ.સી.યુ.માં હતી તો બહાર બેસીને ધૂન ભજન કરતાં. એમના સદ્‌ગુણો આપણામાં આવે. એમની જેમ પપ્પાજીનો આશરો લેતા થઈ જઈએ એ જ પ્રાર્થના.

**પૂ.ત્વિષા ગાવડે :** લીલાબેને પોતાની સાધનાના દરેક પ્રસંગમાં ભજનનો ઉપાય લીધો છે. તેમના એક પ્રેરણાદાયી પ્રસંગની વાત કરું. ૧૯૭૬માં ચંદ્રીબેન મચ્છરને હૉસ્પિટલમાં લઈ જવાના હતાં. પણ ફાઈલો મળતી ન હતી. લીલાબેને ભજનનો આશરો લીધો ને ધૂન કરવા લાગ્યાં. તો ધૂનમાં પપ્પાજીએ તેમને બતાવી દીધું કે ફાઈલો ક્યાં છે અને આણંદની હૉસ્પિટલમાં તેમણે બતાવેલી જગ્યા પ્રમાણે શોધ્યું તો ફાઈલ મળી ગઈ. લીલાબેનને ભજનમાં ખૂબ જ શ્રદ્ધા છે. અત્યારે એમનામાં ભગવાન રહ્યા છે. તો હે લીલાબેન ! તમે પપ્પાજીને પ્રાર્થના કરજો કે અમારી ભૂલો માફ કરી દે. અમે કોઈનું ના જોઈએ.



**આશીર્દાન પ.પૂ.પદુબેન :** લીલાબેન ૮૦-૮૦ વર્ષ સુધી આટલા બધાં છૂપાં રહ્યાં ને તેમની એકધારી રહેણી ને દિનચર્યા છે. આટલું બધું પ્રભુમય રહેવાની રીત ! પોતે પરફેક્ટ હોવા છતાંય આપણી ભૂલો માફ કરવાની તેમની રીત. ખરેખર આપણે કૃતનિશ્ચયી થઈને મંડીએ તો જે ધ્યેય પર પહોંચવું હોય ત્યાં પહોંચાય તેનું સાકાર સ્વરૂપ લીલાબેન છે.



બહારના માન-મોટપમાં એમને નિર્માલ્યપણું મનાયું હશે તો એવો પ્રભુનો આનંદ આવતો હશે ને ! આપણે તો અંતર્દૃષ્ટિ કરી લઈએ, પણ લીલાબેનના જીવનમાં તો એ ય વાત ન આવી. આવું પણ એક જીવન છે તેનું દર્શન લીલાબેને કરાવ્યું કે કેવળ ભગવાન જીવનમાં હોય, તેમને રાજી કરવાની ધખણા

હોય તો જ આ શક્ય છે. તારાબેન પાસે શરૂઆતથી સાધક. સેવકની જેમ ઊભા હોય તેવા દર્શન કર્યા છે. ખૂબ ભક્તિમય, ચોકસાઈવાળું જીવન. પપ્પાજીની પરાવાણીનો શબ્દેશબ્દ ઝીલાવો જોઈએ તે તત્પરતા એ પપ્પાજીનો મહિમા. પરાવાણીનો ખજાનો ભેગો ન કર્યો હોત તો! આપણને આ ન મળ્યું હોત. આ જે મૂડી મળી છે તેના માટે આખો બ્રહ્મસમાજ જન્મોજન્મ લીલાબેનનો ઋણી રહેશે. તો આપણે સૌ એ પરાવાણીને માન-મોટપની અપેક્ષા વગર અમે ચાતકની જેમ ઝીલીએ. તમે છૂપા રહીને આટલું સરસ જીવ્યાં. ન ગુરુભક્તિ ચૂક્યાં, ન સેવા ચૂક્યાં. માન-મોટપને હડસેલો મારી દીધો. એવું નિરપેક્ષ જીવન અમારું થઈ જાય એ જ પ્રાર્થના.

**આશીર્દાન પૂ.લીલાબેન :** આવા સર્વોપરી ભગવાન ને સંત મળી ગયા. એટલે પ્રત્યક્ષ સ્વરૂપ ઓળખાયું. એણે જીવમાં સ્થાન ન લીધું હોત તો કાંઈ નોતું. એણે બળ આપીને મારી પાસે બધું કરાવ્યું. બાકી મારાથી કાંઈ થાય નહીં.



તારદેવ આવી ત્યારે બહેનોનું જીવન જોયું. પપ્પાજીએ જીવમાં સ્થાન લીધું પછી બધા સાથે એકતા થઈ ગઈ. ને સાધના સરળ થઈ ગઈ. નહીં તો ગુણાતીતભાવ પામવાનું અઘરું છે. બીજાનો આકાર ન જોઈએ તો તરત ભગવાન પ્રાર્થના સાંભળે. પપ્પાજીને કર્તાહર્તા માનીશું તો સુખ જુદું આવશે. અક્ષરમુક્તોની સેવા મળી છે તે ગરજુ થઈને મહિમાથી કરીએ. સેવા કરવામાં ભગવાન ભૂલીએ તેવું નહીં. એમનામાં રહીને મહિમાથી સેવા કરીએ. ઝટ પરવારવાનો મંત્ર ન રાખીએ પણ ભગવાન ને ઝટ રાખતા થવું છે એવું કરવાનું આપણને બળ આપે એ જ પ્રાર્થના.

અંતમાં 'ભજનથી સર્વ કાંઈ શક્ય છે' એ જીવનસંદેશ લઈ સૌ સૌના કાર્યમાં જોડાયા. સર્વ વક્તા, શ્રોતા, દર્શનાર્થીઓને અભિનંદન સહ જય સ્વામિનારાયણ.

---

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

★ વિદ્યાનગર મંડળના આદર્શ ગૃહસ્થ, ગુણાતીત પ્રકાશના વ્રતધારી, નિષ્ઠાવાન એકાંતિક સંત સ્વરૂપ પૂ.યશવંતભાઈ દવે તા.૨૨.૨.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.

પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજીની સૌરભ અને પ્રકાશ બની પરમ ભાગવત સંત બનેલા આદર્શ એકાંતિક ભક્તરાજ અક્ષરનિવાસી પૂ.યશવંતભાઈ દવે.

૧૯૬૬માં જ્યારે ગુણાતીત સમાજની સ્થાપના કરી ત્યારે ગુરુહરિ પપ્પાજીએ જે સ્વપ્નનો દ્રઢાવ કરીને, ગૃહસ્થોને ગુણાતીત જ્યોતની સંત બહેનોની સેવા



આપીને, પોતાના અનંત પુણ્યના ભાગીદાર બનાવ્યા હતા તે સ્વપ્ન સાકાર કરીને ડૉક્ટર યશવંતરાય સુખદેવ દવે ગુરુહરિ પપ્પાજીના સાંનિધ્યમાં અક્ષરધામમાં બિરાજમાન થયા.

૧૯૭૪માં અનુપમ મિશનના પૂ.હર્ષદભાઈ, પૂ.શાંતિભાઈ, પૂ.પૂનમભાઈના જોગમાં આવ્યા અને કુટુંબેસહિત એકાંતિક બની ગયા.

૧૯૭૬માં ગુરુહરિ પપ્પાજી દ્રષ્ટારૂપે બિરાજ્યા અને ત્યારથી સદા જાગૃત, સદા નિર્માની, સદા ભક્તિ-પ્રીતિ અને સમર્પણના ભાવે પોતાના જીવનને પળેપળ દિવ્યતાની સુવાસથી મઘમઘતુ કર્યુ.

૧૯૭૭માં ઉભરાટમાં પદ્મમાર્ગની શિબિરના બ્રહ્મસૂત્ર અને પપ્પાજીની એક અંગૂલિનિર્દેશ 'સંબંધવાળામાં મહારાજ જુઓ' અને 'એક શ્યામની મૂર્તિમાં સભર રહો તો વિષયો જીતાઈ જાય' ત્યારથી ઘરે-બહારે મંદિરમાં કે કર્મયોગમાં બધાને આવકાર' જમણા હાથની

પહેલી આંગળી ઉંચી કરીને 'જય સ્વામિનારાયણ' કરતા. એ એમની આગવી જીવનશૈલીની અદા ! એ એમના પળેપળના જીવનનો ઉચ્ચ આદર્શ દર્શાવતો. એ દ્વારા સાધક તરીકે પોતે સ્વયંને જાગ્રત કરતા અને સામે આવનાર સૌને પોતાની હસતી માહાત્મ્યભરી આંખો અને દિવ્યતાસભર મુખાર્વિંદ અને પ્રકાશથી ભરી, સ્નેહથી ભીંજવી દેતા. એવી વિશિષ્ટતા ધરાવીને ૧૯૭૬થી છેક ૨૦૨૧ સુધી જીવનની છેલ્લી પળ સુધી ગુણાતીત અવસ્થાની જાગ્રતતા રાખીને જીવ્યા છે.

બ્રાહ્મણનું કુટુંબ. ગરીબીમાં ઉછેર. નાની ઉંમરે પિતા સ્વર્ગવાસ સિધાવેલા. મોટાભાઈએ ખૂબ જાળવણી કરીને ભણાવ્યા. તો તે મોટાભાઈને છેક છેલ્લી અવસ્થાની બીમારીમાં ખૂબ પ્રેમભાવથી સેવા કરીને, ઋણ ચૂકવીને તેમને પણ પપ્પાજીના રંગે રંગી દઈ અક્ષરધામમાં મોકલ્યા.

યશવંતભાઈ ખૂબ ભણ્યા, વિવિધ સ્થાનોએ, કોલેજોમાં અને છેલ્લે બાયોલોજીમાં B.Sc., M.Sc., Ph.D. અને ફેકલ્ટી હેડ બનીને ઘણાં વર્ષો સરદાર પટેલ યુનિવર્સીટીમાં નોકરી કરી અને સાથે સાથે જાગ્રતતાથી સંપ, સુહૃદભાવ અને એકતા રાખીને BioScience H.O.D. થયેલા જેમાં સૌને ભક્તિરસમાં તરબોળ કરતા રહ્યા.એમના હાથ નીચે ૧૩ જેટલા વિદ્યાર્થીઓએ પોતાનું Ph.D. પૂર્ણ કર્યુ હતું. તેઓને પણ પપ્પાજીના આશિષ અચૂક અપાવતા. પોતાના કાર્યક્ષેત્રમાં ૧૪૨ જેટલા રીસર્ચ પેપર્સ દેશ-પરદેશની જનરલોમાં માન્ય થયા છે. આદર્શ શિક્ષક બની મમતા એ દિવ્યતા સંગે સૌની સાથે હળીભળી આધ્યાત્મિકતાના રંગે રંગતા. કર્મયોગી સાધુ બનીને સૌને ભક્તિના સુખે સુખીયા કરતા.

ધર્મપત્ની પૂ.નીરૂબેન સાથે ૧૯૬૪માં લગ્નગ્રંથિથી બંધાયા અને ત્રણ પુત્રીઓ પૂ.અમીબેન, પૂ.ઉમંગીબેન, પૂ.નેહલબેન જે હાલ સંન્યાસી બની ભગવા વસ્ત્રો ધારી ગુણાતીત જ્યોતમાં ઉચ્ચ કક્ષાની સાધના કરી રહ્યાં છે. બે પુત્રોની ઈચ્છાએ આદર્શ ગૃહસ્થાશ્રમી બનાવી સમતા, સ્થિરતા અને સેવાનો વારસો આપ્યો. પૂ.ઉદયભાઈ-પૂ.તૃપ્તિભાભી અને પૂ.જયદેવભાઈ-પૂ. આશાભાભી-પૂ.ભવ્યા સૌ આવા એકાંતિક પિતાની ગોદમાં રહ્યા. વગર કહ્યે ઉપદેશ કર્યા વિના તેઓના આધ્યાત્મિક સમતાભર્યા પળેપળના ગુણાતીતભાવના ભર્યા વર્તનથી પપ્પાજી અને ગુણાતીત જ્યોતની સેવામાં, સમાગમમાં પરોવ્યા છે. પૂ.નીરૂબેન પણ આદર્શ ગૃહિણી. ૧૯૯૨માં ગુણાતીત સૌરભનું વ્રત લીધું અને સંપૂર્ણ સમર્પિત, નિરાગ્રહી, નિરપેક્ષ જીવન જીવ્યા ને દેહ અને ઘરને મંદિર બનાવી દીધું. પૂ.નીરૂબેન વલ્લભ વિદ્યાનગર ગૃહસ્થ મહિલામંડળના હેડ બનીને સૌની સુહૃદભાવે ખૂબ કાળજી રાખતાં. પૂ.દેવીબેનની મરજી અને આજ્ઞા તે તેમનાં આખા કુટુંબનો પ્રાણ હતો. નીરૂબેનને કેન્સરની બીમારી આવી અને ૨૦૧૨માં સ્વધામ સિધાવ્યાં. જેમની ત્રયોદશીની મહાપૂજા પૂ.યશવંતભાઈએ સ્વયં કરી છે !

પૂ.યશવંતભાઈ નોકરીની સાથોસાથ જ્યારે જ્યારે શક્ય હોય ત્યારે ગુણાતીત જ્યોતના પ્રત્યેક સદ્ગુરુઓની પ્રસન્નતાર્થે અદ્ભુત મહાપૂજા કરતા. ઘર, મંદિર, ભૂમિપૂજન, લગ્ન, મરણ, જન્મદિન, ત્રયોદશી, દુકાન અનેક પ્રકારનાં સમયે વિવિધ પ્રકારે સંકલ્પ બોલી, સમજાવી એમની પરાત્પર શૈલીમાં સૌને આત્મામાં શાંતિ અને આનંદ અર્પી રહેતા. તેમનો પહાડી કંઠ અને સંસ્કૃત ભાષાનો અલૌકિક મહાવરો અનેક શ્લોકો તો મુખપાઠ કરી લીધેલા. તે પ્રત્યેક સમયે યથાયોગ્ય રીતે દિવ્યતાનું વાતાવરણ અંદર-બહાર ઉભું કરી દેતા. તેઓ એક જન્મજાત કલાકાર હતા. ચિત્રો દોરવા અને ગુરુઓની આજ્ઞા પ્રમાણે તકની ઘણી સેવાઓ કરીને આપણાં સ્મૃતિમંદિર અને સાંકરદા ભક્તિઉત્સવની સેવામાં પોતાની કલાને ગરજુ થઈને દિવ્યભાવ રાખીને વાપરી છે. બ્રહ્મવિહારમાં ફૂલ, ઝાડ, છોડનું જતન કરવાનું માર્ગદર્શન તેમના નેતૃત્વ હેઠળ થતું. તો વળી બાલ-કિશોર-યુવક મંડળની શિબિરમાં અગ્રેસર રહી, ગુણાતીત સંસ્કારોનું સિંચન કર્યુ છે. પોતે આનંદી સ્વભાવના તેથી નાના સાથે નાના ને મોટા સાથે મોટા થઈ જ્યારે જે કરવું પડે તે ગ્રહણ કરી સૌમાં રસબસ

થઈ જતા.

આધ્યાત્મિક પુસ્તકોનો સ્વાધ્યાય કરવો એ તેમનું અંગ હતું. તેઓની એક વિશિષ્ટતા હતી કે, પ્રભુ સાથે માનસીમાં કે પ્રત્યક્ષ જે વાર્તાલાપ કરે તે અનુભવો, સ્મૃતિ પોતાની ડાયરીમાં લખી લેતા. ને મનન-ચિંતન કરી સ્મૃતિઓ ઈદમ્ કરી લેતા. પ્રત્યેક પળ સનાતન બને તેવું સતત જાણપણું. આજ્ઞા આવે એટલે 'હાજી' એ એમની જીવનશૈલી રાખી દેહાતીત વર્તતા.

૨૦૧૫થી આંતરડાનું કેન્સર થઈ ગયુ હોઈ કોલોસ્ટોમીની બેગ હોવા છતાંયે નિયમિત સાયકલ ચલાવીને ખભે થેલો ભરાવીને પ્રભુકૃપામાં મહાપૂજા કરવા આવી જતા. તે છેક કોરોનાકાળમાં તેમનું પ્રભુકૃપામાં આવવાનું બંધ થયું. દેહાતીત, ભાવાતીત થઈ ને ગુણાતીત અસ્મિતામાં વિહરતા રહીને, છતીદેહે મોક્ષ પામીને, અક્ષરસ્વરૂપે જીવીને, ગૃહસ્થાશ્રમી હોવા છતાં નિર્લેપ. ઘરમાં છતાંયે મંદિરના પૂજારી બનીને, દેહમાં છતાંયે દેહભાવરહિત જીવીને આદર્શ ગૃહસ્થ બનીને પપ્પાજીનું સ્વપ્ન સાકાર કર્યું છે.

પ.પૂ.દીદીના વચને ગુરુહરિ પપ્પાજીના ૧૦૫મા વર્ષારંભમાં 'વચનઅમૃતના આસ્વાદ' કાર્યક્રમમાં શ્લોકગાન કર્યું છે. એ પ્રાર્થના આપ સૌમાં સાકાર બને તેવી તેઓને પ્રાર્થના.

પૂ.યશવંતભાઈ દવેના જવાથી ગુણાતીત જ્યોત અને સમાજમાં તેમની ખૂબ ખોટ અનુભવાશે જ પણ તેમણે જે નિષ્ઠા અને એકાવધાનીપણે 'હું અને મારો ભગવાન પપ્પાજી' એમ રાખીને ગુણાતીતની જેમ નિર્માનીપણું, સરલતા અને સાહજીક જીવન, જે આપણા સૌનો આદર્શ છે તેવું વર્તવાની આપણને પ્રેરણા ને બળ આપે તેવી પપ્પાજી અને સૌ સ્વરૂપોને ચરણે પ્રાર્થના છે.

★ મૂળ સીસ્વા ગામના વતની હાલ પેરીસમાં વસતા નિષ્ઠાવાન ભક્તરાજ પૂ.સુરેશભાઈ પટેલ તા. ૨૬.૨.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.

સુરેશભાઈની નાનપણથી તામસી પ્રકૃતિ. આણંદમાં વસતાં પૂ.ધુમીબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. પરંતુ એવો સત્સંગનો રંગ એકેયને લાગ્યો ન હતો. પેરીસમાં



કોઈક સરકારી નિયમચૂક થતાં મોટું સંકટ આવ્યું. ધુમીબેન નાના હતાં ત્યારે આણંદમાં પાડોશમાં રહેતા પૂ.મણીબાનાં દર્શન કરેલાં. મણીબાના ઘરે પપ્પાજી પધાર્યા ત્યારે પપ્પાજીની દાદર ચઢતી મૂર્તિનાં દર્શન કરેલાં તેની સ્મૃતિ અચાનક આ વિકટ સમયમાં ધુમીબેનને થઈ આવી. ને મણીબાને કાગળ લખ્યો. અહીંયા મણીબાને તે સમયે પ્રભુ પપ્પાજીએ અંતરમાં પ્રેરણા કરી ને તેઓએ પણ ઈન્ડિયાથી ધુમીબેનને કાગળ લખી પોસ્ટ કર્યો. જ્યારે ધુમીબેન પેરીસમાં પત્ર પોષ્ટ કરવા ગયાં ત્યારે પોષ્ટ બોકસમાં મણીબા પત્રસ્વરૂપે પધારી ગયેલાં. તે જોઈ ખૂબ હર્ષમાં આવી ગયાં. કાગળ વાંચ્યો તો તેમાં તેઓને જે દ્વિધા હતી તે પ્રશ્નનો જવાબ હતો. આશ્ચર્ય અનુભવ્યું... ને તે પળથી ધુમીબેન અને સુરેશભાઈએ ગુરુ તરીકે મણીબાને સ્વીકારી લીધાં. મણીબાએ પણ સંકલ્પ, પ્રાર્થના ને સમાગમથી સત્સંગનો રંગ ઉત્તરોત્તર વધતો જ રહે તેવું જતન કરી ગુરુહરિ પપ્પાજીનું જીવનમાં પ્રાધાન્ય કર્યું. પપ્પાજીએ પણ આત્મા શુદ્ધ કર્યો ને તામસી પ્રકૃતિ, સ્વભાવ બદલી ભક્તહૃદયી બનાવી દીધાં.

સુરેશભાઈને શરૂઆતથી જે દ્રઢ નિષ્ઠા થઈ તે જીવનના અંત પર્યંત રહી. જીવનના દરેક કાર્યો પપ્પાજી અને મણીબાનું પ્રાધાન્ય રાખીને કરતાં. તેમની શું રુચિ છે ? એ જ તેમનું જીવન. આખું જીવન બદલાઈ ગયું. ભક્તિમય જીવન થઈ ગયું. તેમની દરેક ક્રિયા ને વાતમાં પ્રભુ પ્રાપ્તિની ખુમારીનાં દર્શન થાય. આમ સત્સંગનો પૂરો રંગ લાગી જતાં વર્ષોવર્ષ સમૈયા ઉત્સવમાં ઈન્ડિયા આવતા. સંત સમાગમ, સેવા અને ગુરુહરિ પપ્પાજીનો અખૂટ લાભ લઈ, આતમ પાથેય લઈને પેરીસ જતાં. ને બધું ત્યાં રોજ વાગોળતા. ગુરુહરિ પપ્પાજી, પ.પૂ.બેન ઘણીવાર પેરીસ પધાર્યા છે. ત્યારે પપ્પાજી જ્યાં સુધી

પેરીસમાં હોય ત્યાં સુધી બીજા બધાં જ ક્રિયાયોગ ગૌણ કરીને પપ્પાજીમય બનીને લાભ લેતા. ગુરુહરિ પપ્પાજીની આજ્ઞાથી પૂ.અરૂણાબેન અને પૂ.દિલીપભાઈ ભોજાણી દર મહિને પેરીસ સભા કરવા પધારે ત્યારે તેમનો લાભ લેતાં. નિયમિત ઘરસભા કરતાં. પેરીસ મંડળમાં સમૈયા ઉત્સવનાં આયોજન થાય તેમાં ઉમંગથી સહભાગી બનતાં. રસોઈ આપતાં ને ભાવથી જમાડતાં. પપ્પાજી લંડનમાં હોય ત્યારે સ્વરૂપો અને બહેનો માટે ફ્રુટ લઈને લંડન જતાં ને દર્શન-વાતુનો લાભ લેતાં. પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ. મણીબા અને બહેનો જ્યારે જ્યારે પેરીસ પધાર્યા છે ત્યારે પપ્પાજીના ભાવથી સૌની સેવા કરી, સત્સંગનો લાભ લઈ તેમનો પણ અખૂટ રાજીપો પ્રાપ્ત કર્યો છે. આમ તેમનું સમગ્ર જીવન સત્સંગપ્રધાન જ રહ્યું છે.

૧૯૯૬માં ગુરુહરિ પપ્પાજી અને સ્વરૂપોને પોતે સામેથી આમંત્રણ આપીને સીસ્વા તેમના ફાર્મ પર પધરામણી કરાવી છે. ને પછી તો જ્યોતના બધાં બહેનોને, પરદેશના હરિભક્તોને તેમના ફાર્મ પર ઊંધીયા પાર્ટી કરાવી સૌનો રાજીપો પ્રાપ્ત કરેલો. પપ્પાજીના નાના સૂચનથી ૧૯૯૬થી વર્ષોવર્ષ ઈન્ડિયા પધારી બહેનોને ઊંધીયુ જમાડવાની સેવા કરી પુણ્ય કમાયા છે. હરિપ્રસાદસ્વામીજીએ સીસ્વા ગામની સભામાં વાત કરેલી કે, 'આ વાઘ જેવા સુરેશભાઈ પપ્પાજી મળ્યા પછી બકરી જેવા થઈ ગયા !'

૨૦૧૩માં જ્યારે પેરીસમાં કાકાજી-પપ્પાજી બંધુ બેલડી શતાબ્દીપર્વ ઉજવાયો ત્યારે પોતે ૨૦૦ કિલો શ્રીખંડ બનાવી સૌ હરિભક્તોને જમાડેલા. આ સેવા ક્યાંથી ! એવો તેમને હૈયામાં ભાવ રહેતો. ૨૦૧૯માં પૂ.દેવીબેન લંડન પધાર્યા ત્યારે પોતાને કેન્સરની બીમારી હોવા છતાં બાયરોડ ગાડી ચલાવીને લંડન દેવીબેનનાં દર્શનનો લાભ લેવા પધારેલા ત્યારે દર્શન કરી સહસા બોલ્યા કે તમ સ્વરૂપે પપ્પાજી પધાર્યા હોય તેવો આનંદ થયો...

૨૦૨૦માં દિલીપભાઈ તેઓને મળવા પેરીસ ગયા તો સાક્ષાત પપ્પાજી પધાર્યા એવા ભાવ સાથે ભેટ્યા. ખૂબ રાજી થઈ ગયા. આમ પપ્પાજી તેમના માનસપુત્ર દ્વારા તેમને ત્યાં પહોંચી ગયા.

દિવસે દિવસે તેમની નિષ્ઠામાં, દિવ્યભાવમાં ને નિર્દોષબુદ્ધિમાં વૃદ્ધિ જ થતી રહી છે. જીવનમાં પ્રસંગોની વણઝાર આવી પણ સત્સંગ થયા બાદ પ્રભુને જ ઉપાયભૂત કર્યા છે. આવા નિષ્ઠાવાન પૂ.સુરેશભાઈને છેલ્લા બે વર્ષથી કેન્સરની બીમારી આવી પણ તેમાં તેમનો પ્રભુ પ્રાપ્તિનો કેફ કદીય ઓછો થયો નથી. કર્તાહર્તા પપ્પાજીને માની આનંદપૂર્વક આ બીમારીને પ્રભુનો પ્રસાદ માનીને પળેપળ વર્ત્યા છે. પોતે આનંદમાં રહ્યાં ને સર્વે કુટુંબીજનોને પણ આનંદમાં રાખ્યા છે. તેઓએ સમયે સમયે સેવાની તક ઝડપી લઈને સ્વરૂપોની હાશ લીધી છે. તેમની ને ધુમીબેનની જ્યોત પ્રત્યેની સેવા-ભક્તિને વંદન છે. આ વારસો દીકરા દીકરીને પણ આપ્યો. એવા સ્વરૂપનિષ્ઠ સુરેશભાઈને અમારા સૌની હૃદયથી અંજલિ.

★ રાજકોટનિવાસી અનન્ય નિષ્ઠાવાન, પરમ ભક્ત પૂ.ઉપેન્દ્રભાઈ સેજપાલ તા.૨૭.૨.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.

ઉપેન્દ્રભાઈ એટલે હરિભક્ત પૂ.મટુમાના દોહિત્ર થાય. એ મટુમા ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.જસુબેનની નિષ્ઠાવાળા હતા. આ મટુમાની દીકરી પૂ.નર્મદાબેન સેજપાલને સ્વામિનારાયણ ધર્મ પિયરથી વારસામાં



મળ્યો. તે જોગ ઉજાગર થતા, સાનુકૂળ સંજોગો મળતા પાછો જ્યોતનો સંબંધ થયો. ગુરુહરિ પપ્પાજી અને ગુરુ તરીકે પ.પૂ.જસુબેનને દિલમાં સ્થાન આપ્યું. નર્મદાબેન સેજપાલ અને તેમના પતિ પૂ.વલ્લભદાસ(બાબુભાઈ)ને પણ અનન્ય નિષ્ઠા થઈ. પપ્પાજી પાસે તેમના 'વૈશાલી વે બ્રીજ'નું ઓપનીંગ કરાવ્યું. તેમના દીકરા ઉપેન્દ્રભાઈને પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.જસુબેનમાં દિવસે દિવસે શ્રધ્ધા વધતાં સત્સંગ પ્રધાન બની ગયો. રાજકોટ

જ્યોતમાં સામેથી સેવામાં હાજર થઈ તન, મન, ધનથી સાથ આપ્યો છે. જસુબેન સમગ્ર પરિવારના ગુરુપદે તો રહ્યા પણ એક માતા હોય તેમ અંતરથી નિશ્ચિંતતા અનુભવતા. જ્યોતની બહેનોનો સતત ખ્યાલ રાખતા. જગતમાં જે કાંઈ નવા સમાચાર હોય ને જેમાં ધ્યાન રાખવા જેવું હોય તે જણાવતા જેથી બહેનોને તકલીફ ના પડે. ઉપેન્દ્રભાઈ શ્રધ્ધાવાન, દયાળુ, ખેલદિલીવાળા અને પ્રભુમાં વિશ્વાસ ધરાવતા. રક્ષાબંધનની રાખડી ૩૬૫ દિવસ હાથમાં પહેરી રાખતા. પોતે તો દ્રઢ નિષ્ઠાએ જીવ્યા ને તે નિષ્ઠાના બીજ દીકરા, પુત્રવધુ, દીકરીઓ-જમાઈમાં રોપી સત્સંગમય જીવતાં કરી મોટું સત્કર્મ કર્યું. ને અખૂટ પુણ્ય કમાયા છે.

પ્રથમ વખતની બીમારીમાં એક પ્રભુ પપ્પાજી સારું જ કરવાના છે, તેવી શ્રધ્ધા રાખી, એક યોદ્ધાની અદાથી બીમારીના જંગમાં જીત મેળવી. સાત વર્ષ સ્વસ્થ રહ્યા. પરિવારને પ્રભુમાં રહેતા કર્યા. ભજનથી શું ના થાય તેનો અનુભવ કર્યો ને સૌને પ્રાર્થના-ભજનનું સાધન વાપરતા શીખવ્યું. તેમનાં ધર્મપત્ની પૂ.હેમાભાભીના ભજન અને પ્રાર્થના તેમનામાં ભક્તિ જગાડવામાં ખૂબ કામ લાગ્યા. ગુરુહરિ પપ્પાજી કર્તાહર્તા છે ને જે કરે છે તે સારા માટે જ કરે છે. પૂ.જસુબાનું સતત જતન અને પ્રાર્થના આપણી સાથે છે જ ને ! એવી ખાત્રી સાથે સમગ્ર પરિવારને બળમાં રાખે છે. ધન્ય છે આખા પરિવારને !

નિષ્ઠાવાન ઉપેન્દ્રભાઈના ચરણે અમારા સૌની અંતરથી અંજલિ ધરીએ છીએ.

★ માતરના પૂ.મધુબેન રામજીભાઈ કા.પટેલ તા.૧૦.૩.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.



તેઓને જ્યોત ને પૂ.મણીબાનો સંબંધ થયો. મણીબા જે કાંઈ આજ્ઞા આપે તે અહોહોભાવે પોતે પાળે અને મંડળના મુક્તોને પળાવે. અને તે સૌ આનંદે આનંદે કરે. સમૈયામાં સેવા માટે અગાઉથી આવી જતા. પોતાના અંગે મહિમાથી સેવા કરી ભક્તિ કરી છે એવાં મધુબેનને અંતરથી અંજલિ.

★ ગુણાતીત સમાજના નિષ્ઠાવાન જૂના જોગી પરમ ભક્ત પૂ.ચંદ્રીકાબેન ઈન્દુભાઈ પટેલ તા.૧૫.૩.૨૦૨૧ના રોજ અક્ષરનિવાસી થયાં છે.

મૂળ ચરોતર પ્રદેશના નાર ગામના વતની પણ વર્ષો સુધી સાંકરદા રહ્યા. પૂ.ઈન્દુભાઈના પિતાશ્રી તથા પૂર્વજો શ્રી સ્વામિનારાયણ ભગવાનના વખતથી સત્સંગમાં જોડાયેલા હતા. તેવી જ રીતે ચંદ્રીકાબેનના માતા-પિતા પણ શ્રી શાસ્ત્રીજીમહારાજ, શ્રી યોગીજીમહારાજ અને પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપોની સેવાઓ કરતાં. આમ બંને પક્ષે સત્સંગના યોગથી દિવ્ય સંસ્કારો વારસામાંથી જ મળેલા. તેના ફળસ્વરૂપે દ્રઢ નિષ્ઠાએ દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિએયુક્ત સેવા એ ઈન્દુભાઈ અને ચંદ્રીકાબેનનું સહજ અંગ બની ગયેલું.



સાંકરદા તીર્થ સ્થાનમાં રહ્યાં. ને બ્ર.સ્વ. અક્ષરવિહારીસ્વામીજી, સંતો અને મંદિરની સેવામાં તન, મન, ધન, આત્માથી હોમાઈ ગયા. ૧૯૬૬ના વિપરીત સંજોગોમાં બંને મહામુક્તોએ શીરસાટે મંદિર અને સંતોનો પક્ષ રાખી, અદ્‌ભુત સેવા કરી, પુણ્ય કમાયા છે. કહેવાય કે દુકાળમાં કોદરા પૂર્યા એવા આ જૂના જોગી. સંતોની આજ્ઞામાં આખું કુટુંબ ટૂકટૂક વર્ત્યું છે.

ચંદ્રીકાબેન સંતો માટે વાર-તહેવારે જાત-જાતના ભોજન, નાસ્તા, અથાણાં, પાપડ-પાપડી, અનાજ વગેરે મોકલતાં. સાંકરદા ગામમાં બહેનોને ભેગા કરી, સંતોનો મહિમા ગાતાં ને મમતાથી સેવામાં સહભાગી બનાવતાં. પોતે નાના-મોટા દરેક સમૈયામાં હાજર રહેતાં ને પોતાના યોગમાં આવેલા સૌને સાથે લઈ આવી, સેવાની તક ઝડપી લઈ સંતોનો રાજીપો પ્રાપ્ત કરતાં.

ગુરુહરિ પપ્પાજી મહિલા સમાજના સત્સંગની પુષ્ટિ અર્થે ગુણાતીત જ્યોતમાંથી પ.પૂ.કાશીબા, પ.પૂ. માસીબા, પ.પૂ.દીદીબા, પ.પૂ.જસુબા, પ.પૂ.મણીબા જેવા સ્વરૂપોને સાંકરદા મોકલતા ત્યારે આ સ્વરૂપોને પપ્પાજી સ્વરૂપ માનીને જીવ્યાં છે. પ.પૂ.જસુબાને ગુરુપદે સ્વીકાર્યા તે પળથી તેમની આજ્ઞામાં સારધાર વર્તીને તકની સેવાઓ કરી રાજીપો પ્રાપ્ત કર્યો છે. તો પૂ.તરુબેનને પણ જસુબા સ્વરૂપ માની, સંત સમાગમ કરી આત્માને બળિયો બનાવ્યો છે. આમ ચંદ્રીકાબેનનું જીવન ભક્તિમય હતું. ક્યારેય સ્વરૂપોને ઓશિયાળા કર્યા નથી. પોતે દાસભાવે, રાંકભાવે ગરજુ થઈને વર્ત્યા છે. એવા મહા એકાંતિક આદર્શ ગૃહસ્થ ચંદ્રીકાબેને અખૂટ પુણ્યની કમાણી કરી છે. પોતાની એકની એક દિકરી કલ્પુબેનને પ્રભુ પપ્પાજીના ચરણોમાં ધામધૂમથી વિદાય આપી, ભગવાન ભજવા આપી, ખૂબ મોટું સત્કર્મ કર્યું છે. ત્રણેય દિકરાઓને તથા કુટુંબીજનોને સત્સંગનો વારસો અને સંસ્કાર આપીને ગયા છે. એવા અક્ષરમુક્ત ચંદ્રીકાબેનને ગુણાતીત જ્યોતનાં સૌ સ્વરૂપો તથા બહેનો વંદન સહ શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

ભગવાન સ્વામિનારાયણ, ગુરુહરિ પપ્પાજીમહારાજ તેમના ત્રણેય દિકરાઓ તથા કુટુંબીજનોને અમાપ બળ આપે એ જ પ્રાર્થના.

★ સુરતના નિષ્ઠાવાન અનન્ય હરિભક્ત પરમ ભક્ત પૂ.લાભુબેન મનુભાઈ ઘડુક ટૂંકી બીમારીને અંતે તા.૧૫.૩.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.

લાભુબેન એટલે પીઢ, મિતભાષી, ભક્તહૃદયી, અંતરથી ગુરુ સાથે ઐક્ય ધરાવનાર, શ્રધ્ધાળુ, દ્રઢ



નિષ્ઠા ને વિશ્વાસ ધરાવનાર ભક્ત. કોઈને ખબર ના પડે પણ તેમના નિર્ણયો ખૂબ દ્રઢ હતાં. ભજનથી ધાર્યું નિશાન પાર પાડતા.

તેઓ સુરતના ચૈતન્ય માધ્યમ પૂ.રંભાબેનનાં મોટાં બેન થાય. તેમના થકી સત્સંગમાં આવ્યા. તેમણે પપ્પાજી, જસુબેનનો મહિમા કહ્યો ને જસુબેનને ગુરુ કર્યા. તેમણે ભજન કરતા શીખવ્યું. તેમના જીવનમાં પ્રથમ અનુભવ આ સ્વરૂપોની સામર્થીનો, ભજનનો થયો કે જ્યારે સમગ્ર પરિવારમાં ફૂડ પોઈઝનીંગ થયું ને દીકરીઓની બચવાની આશા ન હતી પણ ત્યારે ખૂબ ભજન કર્યું ને બધાંને જીવતદાન મળતા અંતરમાં નિષ્ઠા પાકી થઈ ગઈ. તો વળી, છ છોકરીઓ પર એક દીકરાની અપેક્ષા હતી તે માટે ભજન કર્યું ને ફળ પ્રાપ્ત કર્યું. જ્યારે તે દીકરીને લઈને પપ્પાજીનાં દર્શને આવ્યાં ને તરત જ પપ્પાજીએ તેને ખોળામાં લઈ નામાભિધાન કર્યું ને કહ્યું કે આનું નામ ‘ચૈતન્ય’. પૂ.મનુભાઈને પણ જ્યોતમાં ને જસુબેનમાં શ્રધ્ધા વધતી ગઈ. તેમણે જ્યારે સીક્યોરીટી સાઈરનનો બીઝનેસ શરૂ કર્યો ત્યારે પ્રથમ સાઈરન જ્યોતના પપ્પાજી ફાર્મ માટે ભેટમાં આપેલી.

લાભુબેન અને બધી દીકરીઓ પણ સત્સંગના રંગે રંગાઈ ગઈ. નિયમિત અઠવાડિક સભા અને સુરતમાં પૂ.મીનાબેનને સેવાની જરૂર હોય ત્યારે તેમાં સાથ આપતા. વિદ્યાનગરમાં પણ સમૈયા ઉત્સવમાં સેવા માટે હાજર થઈ જતાં. આમ કેવળ પ્રભુભક્તિ કરી પરિવારજનોને પણ તે માર્ગે મૂક્યા. એવા આદર્શ ભક્તરાજ લાભુબેનને અંતરથી અંજલિ.

તેમનાં સર્વે કુટુંબીજનોને શ્રીજીમહારાજ, ગુરુહરિ પપ્પાજી અને જસુબેન ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.

★ અમદાવાદ મંડળના પરમ એકાંતિક મુક્તરાજ પૂ.ગીતાબેન નટવરલાલ પરમાર તા.૧૬.૩.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.



અમદાવાદ સત્સંગ મંડળના જૂના નિષ્ઠાવાન હરિભક્તોમાં ગણતરી થાય એમાંના પૂ.ગીતાબેન. જેમને ૧૯૭૩ની સાલમાં વિમળાબેન, દલસુખભાઈ થકી આ સત્સંગનો જોગ થયો. ગુરુહરિ

પપ્પાજીનાં દર્શન અને અનુભવે પપ્પાજી માટે સર્વોપરી ભગવાનપણાનો ભાવ તેમના અંતરમાં થયો, ત્યારથી ભગવાનના ભક્તોની સેવા, ભજન, સમાગમ એ જીવન ધ્યેય છે...ક સુધી પોતાના વર્તનમાં રાખી, એકધારી નિષ્ઠાથી જીવન જીવ્યાં. કોઈનોય ઘસારો બોલવો, સાંભળવો, ચાલવા દેવો નહીં એ ગુરુહરિ પપ્પાજીના સિદ્ધાંતે જીવવા યત્નશીલ રહ્યાં.

પ.પૂ.દીદી, પ.પૂ.બેનને માહાત્મ્યભાવે, નિર્દોષબુદ્ધિએયુક્ત સેવ્યાં. તેમના વચન પાળવા સાધકની જેમ જાગ્રતતા રાખતાં.

તેમણે તેમનો ભક્તિનો વારસો તેમના સંતાનો પૂ.મહેશભાઈ, પૂ.પલ્લવીબેન (અમેરિકા), પૂ.પ્રીતિબેન (અમેરિકા), પૂ.મીનાભાભી તથા પૂ.અનિલભાઈ જેઓ અનુપમ મિશનમાં સમર્પિત સાધકભાઈ છે. તે સૌને આપ્યો. એટલું જ નહીં એક ચૈતન્યમાધ્યમ જેવું કાર્ય કરી ઘણા જીવોને આધ્યાત્મમાર્ગે ચાલતા કર્યા. જ્યોતની બધી જ બહેનોના નામ બોલી એક મહાપૂજા કરતાં એવા નિષ્ઠાવાન મુક્તરાજ ગીતાબેનને અંતરના કોટિ કોટિ વંદન.

સ્વામિશ્રીજી, ગુરુહરિ પપ્પાજી તથા સૌ સ્વરૂપો તેમના આત્માને શાંતિ અર્પે ને કુટુંબીજનોને બળ અર્પે એ જ પ્રાર્થના.

## નિર્ણય

★ એકાદશી : ફાગણ સુદ–૧૧, ગુરુવાર, તા.૨૫.૩.૨૦૨૧

★ અ.મ.મુ.ભગતજીમહારાજની જયંતી, હુતાશની : ફાગણ સુદ–૧૫, રવિવાર, તા.૨૮.૩.૨૦૨૧

★ પ.પૂ.સાહેબજીનો પ્રાગટ્યદિન, ધૂળેટી : ફાગણ વદ – ૧, સોમવાર, તા.૨૯.૩.૨૦૨૧

★ એકાદશી : ફાગણ વદ–૧૧, બુધવાર, તા.૭.૪.૨૦૨૧


Statement about ownership and other particulars about newspaper.

GUNATIT JYOT
(Form IV. Rule 8)

| | |
|---|---|
| 1. Place of Publication : | Gunatit Jyot, P.O.Box No.23<br>V.V.Nagar - 388120, Gujarat. |
| 2. Periodicity of Publication : | Monthly |
| 3. Printer's Name : | Angatbhai J. Shah |
| Nationality : | Indian |
| Address : | Gujarat Press<br>Anand - 388001, Gujarat |
| 4. Publisher's Name : | Hemaben D. Bhatt |
| Nationality : | Indian |
| Address : | Gunatit Jyot, P.O.Box No.23<br>V.V.Nagar - 388120, Gujarat. |
| 5. Editor's Name : | Hemaben D. Bhatt |
| Nationality : | Indian |
| Address : | As above |

Names and address of indivduals who own the newspaper and partners for shareholders holding more than one percent of total capital.

It has no partner, no capital and no shareholders. It belongs to Hemaben D. Bhatt, Gunatit Jyot, V.V.Nagar (388120).

I Kum. Hemaben D. Bhatt, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 21st March, 2021

Hemaben D. Bhatt
Signature of Publisher


105
૧૯૧૬–૨૦૨૧
પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ
શ્રી ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગર
ગુણાતીત સમાજના પ્રત્યક્ષ જ્યોતિર્ધરોની પ્રત્યક્ષ સંનિધિમાં
આ ઉત્સવ માણવા સ્મૃતિ રસલ્હાણની તારીખો નોંધી લેશો.
નવેમ્બર-૨૦૨૧
શુક્રવાર
૧૨
નવેમ્બર-૨૦૨૧
શનિવાર
૧૩
નવેમ્બર-૨૦૨૧
રવિવાર
૧૪
(તત્કાલીન સંજોગોને આધીન કાંઈપણ ફેરફાર હશે તો અગાઉથી નોંધ આપીશું.)
ઉત્સવ સ્થળ : પપ્પાજી તીર્થ, ગાના મોગરી રોડ, જી.આણંદ
Website : www.gunatitjyot.org

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2019-21
Lic Valid Upto: 31.12.2021
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT) :
Vallabh Vidyanagar MDG 388120





પ.પૂ.મમ્મીજીના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...



શાશ્વતધામે દર્શન...

Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India